Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. માહ. અંક ૭ મો.

ॐ

## जिनेंद्र स्तुति.

### શાર્દૂલ વિક્રીડિત.

જન્મી આ જગમાંહી હે ! જીનવરા દીઠી છબી જ્યારથી,
જાણું પુનમ ચાંદની ખીલી રહી આનંદદાઈ અતી;
વર્ષાવો અમી નિર્ઝરી મધુકરી વાણી પુરા પ્યારથી,
જેનું પાન કરી બનું અમર હું સૌભાગ્ય મારી ગતી. ॥૧॥

---

## सद्बोध भावना.

### ( હરિગીત છંદ—છાંયા. )

મિથ્યા જગતનો મોહ જાણો, ત્રણ પદે સંભલાવીઓ,
હર્દમ વિચારી એહને, રસ શાન્તમાં ચિત્ત જોડજો;
જીનરાજ વાણી સાંભળી, વ્યવહાર નિશ્ચય સર્દહી,
નર જન્મ ઉત્તમ કેળવી, દીપાવો કરણી આપણી. ॥૧॥
પરિકર સહુ બંધન ગણો, ચંચળ દશા અળગી કરો;
દરશન કરો આતમ તણું, નેતાને શરણે જઇ મળો.
વેલા કે મોડા માર્ગ એ છે, લક્ષણે સમજાય છે;
ચંદન સમાન સુવાસ પ્રસરી, દહો નિજ નિજ કર્મને. ॥૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્માર્થમાં જે ધ્યાન ધરશે, નરકાદિક ગતિ છેદશે,
જીવન સફલતા મેળવી, નામી જગે કેવરાવશે;
ઘટ માળ જાણો જગતની, ટીખળ ખરેખર માનવું,
તજી સર્વ આધિ ઉપાધિને, હો શરણ શ્રી જીનરાજનું. ॥૩॥

( જીજ્ઞાસુ ઉમેદવાર. )

# નિઃસ્વાર્થ વૃત્તિ કેવી હોઇ શકે ?

દશ દૃષ્ટાંતો વડે દુર્લભ્ય ગણાયલા આ મનુષ્ય જન્મ પામ્યા છતાં જે પ્રાણીઓ હેય—ઉપાદેયના સ્વરૂપથી વિમુખ રહી અન્ય પ્રાણીઓના લાભને તિલાંજલિ આપી માત્ર પોતે માની લીધેલા પૌદ્ગલિક અર્થ સાધક હિતને મુખ્ય કરી પ્રવૃત્ત થયેલા હોય છે તેમની તે પ્રવૃત્તિઓ સ્વાર્થશીલ હોઇ, જે પ્રવૃત્તિઓવડે તે પ્રાણીઓ પોતાને ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત થયેલી માન્ય કરે છે તેજ પ્રવૃત્તિઓ વાસ્તવિક રીતે તેમના અંતરંગને મલિન કરતી હોય છે એમ શાસ્ત્રો ડિંડિમવગાડીને કહે છે. આમ હોવાથી વસ્તુતઃ પોતાનું અને પરનું હિત શું છે, તેનો વિવેક જાણવાની પૂર્ણ આવશ્યકતા છે જેથી આ જરૂરીઆતને અમલમાં મૂકવા વડે નિઃસ્વાર્થ વૃત્તિનું પોષણ થઇ પરમાર્થ બળ પ્રાપ્ત કરે છે અને આપ્ત પુરૂષોવડે નિર્મિત થયેલી અમોઘ સિદ્ધિને સંપાદન કરે છે.

સ્વાર્થ અને પરમાર્થ ઉભય વૃત્તિઓ પ્રાણીઓની પૂર્વ સંસ્કારથી ઘડાયલી અવનત તથા ઉન્નત અવસ્થાઓ છે. જે માનસ મંદિરમાં સ્વાર્થના આવેગોએ પોતાનું રહેઠાણ રોકેલું છે તેવા પ્રાણીઓનું મન વ્યવહારમાં દરેક પ્રાણીઓ સાથેના પ્રસંગમાં પોતાની ઇચ્છાઓ કેમ તૃપ્ત થાય તેની ધૂનમાં લટકતું હોય છે અથવા અન્યના દ્રવ્યના, કીર્તિના તથા હિતના ભોગે પણ કેવી રીતે સ્વાર્થસંપન્ન થવું તેના મણકા મૂકયા કરતું હોય છે; બીજી તરફ નિઃસ્વાર્થ વૃત્તિમાં સંસ્કાર પામેલું મન પોતાના કબજામાં રહેલા સ્થાવર અને જંગમ સર્વ પદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્થોની આવક જાવકની દરકાર રાખ્યા શિવાય માત્ર પરહિતનેજ ખુણામાં પણ ખોળતુ હોય છે અને તે ક્યારે પ્રાપ્ત થાય તેનીજ પ્રતીક્ષા કરતુ રહે છે.

દુનીયામાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે. કેટલાએક પોતાનું હિત અચ્છી રીતે જાળવી રાખી તેનો ભંગ ન થતો હોય ત્યાંસુધી અન્ય હિતને સાચવવા પ્રયત્ન કરે છે પરંતુ પોતાના હિતનો ભોગ આપવાનો સમય આવતાં અન્યના હિતથી પોતાનો સંબંધ મૂકી દે છે. આ મધ્યમ પંક્તિના મનુષ્યો છે; જેઓ માત્ર પોતાની સ્વાર્થ વૃત્તિનેજ બલવત્તર કરી સદા પોતાની સ્વાર્થસાધનામાંજ તત્પર રહે છે અને તેને અંગે બીજાઓને નુકસાન કરતાં જરા પણ અચકાતા નથી, તેઓ કનિષ્ઠ પંક્તિના મનુષ્યો છે. પરંતુ એવા ઉત્તમ પંક્તિના મનુષ્યો વિરલ છે કે જેઓ પોતાનું સ્વાર્થાંધપણું દૂર કરી દિવ્યદ્દષ્ટિવડે પરમાર્થનું સ્વરૂપ નિહાળી નિઃસ્વાર્થપણે પ્રાણી માત્રના હિતમાં પ્રવૃત્ત હોય છે. સ્વાર્થબુદ્ધિ તજવી, એ કાંઇ ઓછી મુશ્કેલ બાબત નથી; કેમકે તે અનાદિ સંસ્કાર સાથે ગાઢ થયેલી છે. દુનીયાના ચાલુ વ્યવહારમાં પણ સ્વાર્થ વગરના પ્રાણીઓ બહુજ જુજ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

અનેક મિત્રો પરસ્પર મૈત્રીબંધન જોડે છે. ખાવું પીવું, હરવું ફરવું વિગેરે ક્રિયાઓ સમભાગીપણે કરતા હોય છે પરંતુ તેમાંના કેટલાએક પૉકેટ પૂર્ણ માટે પોતાનો સ્વાર્થ ક્યારે સમાપ્ત થાય તેના ઉપાયો બીજી તરફ યોજતા હોય છે. સ્વાર્થ પ્રાપ્તિ સુધી એ મૈત્રીબંધન ટકાવી રાખી પછીથી શિથિલ કરી દે છે, કેટલાએક મલિન અંતઃકરણવાળાઓ પોતાના મિત્રનું અહિત કરી સ્વતૃપ્તિમાં સંતોષ માને છે, કેટલાએક અન્યના સંકટ સમયે તેને તજી અલગ થઇ જાય છે, કેટલાએક પોતાનો સ્વાર્થ જેટલા લક્ષ્ય બિંદુમાં હોયછે તેટલી મર્યાદા સુધી મિત્રભાવ ધારણ કરનારા હોય છે; પરંતુ પોતાની આસપાસના સંયોગો અથવા પદાર્થોનું નુકસાન ખમવું પડે તો તે આનંદ સાથે સ્વીકારી અન્યના હિતમાંજ અવિરતપણે તત્પર રહે છે અને મિત્રભાવને વૃદ્ધિ કરતા જાયછે, તેવા વિરલ મિત્રો દૃષ્ટિગોચર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધંધાને અંગે તપાસતાં વકીલાતમાં, અધિકારીપણામાં, વૈદ્યપણામાં તથા વ્યાપાર વિગેરે ક્ષેત્રોમાં સ્વાર્થબુદ્ધિરૂપી ગણિકા નિર્લજ્જપણે નૃત્ય કરતી હોય છે. કેમકે એક મોટા મુકરદમામાં વાદીના પક્ષમાં ઉભા રહેવાને નિર્માણ થયેલો અપ્રમાણિક વકીલ દ્રવ્યની લાલચથી લોભાઇ પ્રતિવાદીની લાંચવડે વાદીના લાભને લૂલો કરી મૂકે છે, ન્યાયાસન ઉપર બેઠેલો કોઇ તેવોજ ન્યાયાધીશ દ્રવ્યરૂપ દીપકમાં પતંગ સદૃશ ઝંપલાઇ અપ્રમાણિકપણે ચુકાદો આપતાં લાંચ આપનારના લાભમાં તે જાહેર કરે છે, વૈદ્યો પણ પૈસાના લોભની ખાતર દરદીઓના વ્યાધિ તરફ ઉપેક્ષા ભાવ રાખી દરદીઓના હિતકારી માર્ગની દરકાર મૂકી દઇ માત્ર લાલચના વમળોમાં તણાય છે; તેમજ કેટલાક વ્યાપારીઓ પણ હરેક કોઇ માર્ગે દ્રવ્ય પ્રાપ્તિ કરવી એવોજ ઉદ્દેશ રાખનારાઓ અન્યને છેતરી ઈષ્ટ પ્રાપ્તિ કરવી, એ તેમને સાહજિક થઇ રહેલું હોય છે; કીર્ત્તિના અને સ્વપ્રશંસાના ભૂખ્યા મનુષ્યો તેની ખાતર જો તેઓ મંડળના નાયક અથવા નેતા હોય છે તો સમગ્ર મંડળને કોઇ પણ સ્વાર્થી તૃપ્તિને ખાતર ક્ષણવારમાં કફોડી સ્થિતિમાં મૂકી દે છે. આમ હોવા છતાં એવા પણ કેટલાક વૈદ્યો, વકીલો, જજ્જો, વ્યાપારીઓ અને કીર્ત્તિવાંછકો હોય છે કે જેઓ પ્રમાણિકપણાનો મુકુટ પહેરી પોતાની મર્યાદામાં ઉદરપૂર્ણા જેટલો ધંધાને અંગે રાખવો ઘટે તેટલો લોભ રાખી બીજાને છેતરવાથી મનાતી પોતાની સ્વાર્થસિદ્ધિને ધુતકારી કાઢે છે અને સત્યમાર્ગ ઉપર ચિરકાળ ટકી રહે છે.

પિતા અને પુત્રનો સંબંધ ધારણ કરનાર પ્રાણીઓમાં પણ સ્વાર્થબુદ્ધિ નિરંકુશપણે વિચરે છે. એક પિતા અમુક પુત્ર ઉપર રાગ હોઇ બીજા પુત્રને હાંકી કાઢી, પોતાની મીલકતનો મોટો ભાગ તેને આપવા ઇચ્છે છે. બીજી તરફ અમુક પુત્ર પોતે જ મીલકતનો સ્વામી થવા સ્વતંત્ર માર્ગો શોધતો હોય છે; પરંતુ વિરલ પિતાઓ અને વિરલ પુત્રો ન્યાયદૃષ્ટિએ વર્તન કરી, એક બીજાની યોગ્યતા જાળવી રાખી સ્વાર્થવૃત્તિથી વિદૂર રહી ધાર્મિક વર્તન ચલાવતા હોય છે.

સ્વાર્થના કેફમાં મસ્ત થયેલા સગાંવહાલાઓ પણ અમુક પ્રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણીઓને મધમાખીની પેઠે મધની લાલસા માટે વળગી રહે છે. જ્યાં સુધી ધન રૂપી મધ રહેલું હોય છે ત્યાં સુધી તે પ્રાણીઓની સેવા કર્યે જાય છે; પરંતુ જ્યારે તે ખુટી જાય છે ત્યારે પોતાનું સ્વાર્થીપણું જગત્‌ની દૃષ્ટિએ ઉઘાડું પાડેછે અને સ્વાર્થીપણામાં કૃતઘ્નપણાનો એક વધુ દુર્ગુણ ઉમેરાય છે, જેથી તે મનુષ્યો ઉભય લોકના પ્રાણીઓની નિંદાને પાત્ર બને છે. સ્વાર્થી નોકરોની પણ તેમના શેઠ પ્રત્યેની આવીજ સ્થિતિ હોય છે.

પોતાના અંગત અને નિકટ સ્નેહીનું મૃત્યુ થતાં વિયોગવડે પ્રાણીઓ શોકાર્ત બને છે તેનું પણ મુખ્ય કારણ આંતર્ સામર્થ્યથી તપાસતાં 'સ્વાર્થજ' નીકળે છે; કેમકે કાંતો તે સ્નેહીથી પોતાને થતા વર્તમાન લાભની હાનિ થયેલી હોય છે; અથવા તે સ્નેહીથી ભવિષ્યમાં થનાર લાભને ગુમાવ્યો હોય છે અને તેને અંગે દુઃખ પૂર્ણ સ્થિતિ જીવનમાં ઓતપ્રોત થઇ રહેલી હોય છે; પરંતુ આ પ્રસંગે સ્વાર્થીપણાના અંશોથી વિદૂર રહેનાર મનુષ્યોની માનસિક સ્થિતિ તદ્દન વિપર્યસ્ત હોય છે. તેઓ વિવેક સંપન્ન હોઈ વૈરાગ્ય ભાવનાને સન્મુખ કરી વિચારે છે કે 'પરમાર્થ દૃષ્ટિએ તપાસતાં, મારામાં સ્વાર્થબુદ્ધિ હોઇને તેના મૃત્યુથી મને અપાર શોક થાય છે; અર્થાત્ વાસ્તવિક રીતે હું તેને રોતો નથી પરંતુ મારા સ્વાર્થને રડું છું; પરંતુ આ મારૂં રૂદન કેવળ અસત્ય કલ્પનામય બહિરાત્મ ભાવનું મૂળ કારણ છે. એટલું જ નહિ પરંતુ સ્વાર્થને દૂર કરી અંતઃપ્રવેશ કરતાં નીચેના વિચારો પ્રકટે છે.

" वयं येभ्योजाताश्चिरपरिगताएवखलुते ।
समं यैः समृध्दाः स्मृतिविषयतां तेऽपिगमिताः ॥
इदानीमेते स्मः प्रति दिवसमासन्न पतना ।
द्गता स्तुल्यावस्थां सिकतिलनदीतीरतरुभिः॥

" આપણે જેમનાથી ઉત્પન્ન થયા છીએ તે તો ઘણા કાળ થયાં ચાલ્યા ગયા, જેમની સાથે ઉછરીને મોટા થયા તે પણ સ્મૃતિમાત્ર થઇ ગયા, અને હાલ તો આપણે નદી કિનારા ઉપરના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરૂ જેવી પ્રતિદિન પાસે આવતી મરણ સ્થિતિને પ્રાપ્ત થતા જઈએ છીએ.” આ રીતે સર્વનો માર્ગ એક વખત ગમે તે અવસ્થામાં એકજ સ્થિતિવાળો હોવા છતાં તેઓ સ્વાર્થને અંગેજ રૂદન કરતા હોય છે.

પૂર્વોક્ત દ્રષ્ટાંતો અને તેનેજ લગતા દુનિયામાં પ્રતિક્ષણે બનતાં અનેક દ્રષ્ટાંતો વ્યવહારને અંગે નિઃસ્વાર્થવૃત્તિની ભૂમિકાને માત્ર હજુ દર્શાવનારા છે; પરંતુ તે પરમાર્થ વૃતિનું તલસ્પર્શીપણું અલૌકિકપણે જુદાજ પ્રદેશોમાં વર્તે છે. તે પ્રદેશો અંતરાત્મપણાનો અભ્યાસ કરી અનુભવ કરવાવડે અવલોકી શકાય તેમ છે. ખરેખરી રીતે જ્યારે જ્યારે પ્રાણીઓ જેટલા જેટલા પ્રમાણમાં બહિરાત્મભાવ જેમ જેમ તજતા જશે ત્યારે ત્યારે તેટલા તેટલા પ્રમાણમાં પરમાર્થના દિવ્ય પ્રદેશમાં તેમ તેમ પ્રવેશ કરતા જશે. આ દિવ્ય પ્રદેશનો આનંદ અનુભવવાને માટે દિવ્ય ચક્ષુની મદદ લેવી પડે છે અને તે દિવ્ય ચક્ષુ તે અંતરાત્મપણું છે. આ ચક્ષુવડે શરીર અને તેને વળગેલાં ઉપાધિરૂપ અન્ય પદાર્થો પુત્ર, સ્ત્રી, ધન, કીર્ત્તિ, અલંકાર, પ્રાસાદ વિગેરે પોતાથી તદ્દન જુદા દેખાય છે. તેથી તેના લોભમાં તણાવું તે સર્પ અને દોરડીનો વિવેક નહીં સમજનાર બાળકનું લક્ષણ છે એમ સમજે છે. આમ હોઇ ‘स्वार्थ भ्रंशोहि मूर्खता’ એ સૂત્રને તેના અક્ષરશઃ ( literal ) અર્થમાં વળગી રહી પરમાર્થ એજ સ્વાર્થ—આત્માર્થ છે, એમ માન્ય કરે છે અને તદનુકૂળ આચરણ કરવા પ્રવૃત્તિશીળ બને છે; અને તેની સ્થિતિ નીતિ શાસ્ત્રમાં કહેલા “सर्वं कृच्छ्र-गतोऽपि वांछितजनः सत्त्वानुरूपं फलं ”સૂત્રાનુસારિ થાયછે.

સ્વાર્થવૃત્તિના સંસ્કારો અંતરાત્મની ભાવનાવડે દૂર કરી શકાય છે અને તેજ ભાવના માનસિક જળના કચરાના પ્રત્યુપાયરૂપ કતકચૂર્ણ છે. નિઃસ્વાર્થ વૃત્તિવડે હૃદય સંકોચ દૂર થાયછે અને આત્માને વિશાળ પ્રદેશમાં ફરવાનો અવકાશ મળતો જાય છે; પૂર્વોક્ત વૃત્તિવડે અનુભવજ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે અને જેમ જેમ આ વૃત્તિનો આસ્વાદ લઈ પ્રાણીઓના હિતમાં પ્રવૃત્ત થવાય છે તેમ તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ પ્રાણીઓની અહિંસા કરવાથી પોતાનું આયુષ્ય દીર્ઘતર થાય છે તેમ પોતાનું હિત અધિકતર થતું જાય છે અને ઉત્તરોત્તર પોતાનુંજ સર્વાંશે હિત થઇ રહે છે. સ્વાર્થી મનુષ્ય સ્વાર્થ પૂરતોજ સંબંધ રાખનાર હોઈ કદાપિ સત્ય માર્ગનું અવલંબન લેવા ભાગ્યશાળી થતો નથી; એટલુંજ નહિ પરંતુ તેનું હૃદય લોભ વિગેરે કષાયો અને દુર્ધ્યાનથી આવૃત્ત હોઇ ભયથી કંપતું હોય છે અને કદાચ સ્વાર્થસિદ્ધિ નહીં બનતાં તે નિરાશાથી કંટાળી અંતે થાકી જાયછે.

જૈન દર્શનમાં સોનેરી અક્ષરે કોતરાયેલો વીશમો ગુણ જેનું નામ ' परहितार्थकारित्व ' છે, તે હજી પાંચમા ગુણસ્થાનક ઉપર રહેલો શ્રાવક તેના વિદ્યમાનપણામાં ભાવશ્રાવક કહેવાય છે. આ ગુણ ખાસ કરીને નિઃસ્વાર્થ વૃત્તિનું દર્શન કરાવતો હોય તેમ લાગે છે. અર્થાત્ એક શ્રાવકમાં પણ નિઃસ્વાર્થ વૃત્તિ હોવી એ તેનું આદ્ય લક્ષણ છે. અને તેથીજ તે શ્રાવકની ગણનાને પાત્ર થઇ શકે છે. તો મુનિઓ કે જેઓ પરહિતને માટેજ અને તે દ્વારા સ્વહિતને ઉત્પન્ન કરવા સંસારની જંજાળો તજી પરમાર્થ ક્ષેત્રમાં વસે છે તેઓ 'पर अहितकारी' કેવી રીતે હોઇ શકે ? પરંતુ જો તેમાં પ્રવૃત્તિ પરાયણ થઇ જાય તો ભાવશ્રાવકથી પણ ઉતરતે દરજ્જે છે એમ ન્યાયદૃષ્ટિ જણાવે છે. પારમાર્થિક પ્રયોજનને માટેજ ચારિત્ર ધારણ કરનારા મુનિજનોના દૃષ્ટાંતો સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. જે મહા મુનિઓ આપણા તરફ ઉપકાર દૃષ્ટિથી ગ્રંથ સમૃદ્ધિદ્વારા જ્ઞાનનો વારસો મૂકી ગયેલા છે તેઓ અવશ્ય નિઃસ્વાર્થી હતા અને સ્વપર ઉપકારી હતા. જો તેઓએ તેવાં કાર્યોમાં રોકાઈ પોતાનાં પારમાર્થિક વીર્યનો અન્ય રસ્તે નકામી રીતે વ્યય કર્યો હતે તો ગ્રંથોની અંદર આવેલા તેમના વિચાર બળનું આપણે દર્શન કરવા ભાગ્યશાળી થતે નહિ એ ચોક્કસ છે. આ ઉપરથી દુનિયાના કેટલાક મનુષ્યો સ્વાર્થ પરમાર્થનો વિવેક સમજતા નથી; કેટલાએક સમજવા છતાં સ્વાર્થ વૃત્તિનું પ્રબળ સામર્થ્ય હોવાથી પોતે હારી જઇ તે તજી શકતા નથી; કેટલાએક મનુષ્યોએ તજી દીધેલો હોવા છતાં પુનઃ તેનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામર્થ્ય (Force) બળનો ધક્કો વાગવાથી પડી જાય છે અને તાબે થઈ જાય છે પરંતુ આસન્નસિદ્ધિ બહુજ ઓછા મનુષ્યો તેને યથાર્થ સમજી પોતાથી સદંતર દૂર કરવા પ્રયત્ન કરી તેમાં સફળતા મેળવે છે.

ખાસ કરીને વ્યવહારમાં પણ નિઃસ્વાર્થીપણાનો જેમ બને તેમ વિકાસ કરી આત્મોન્નતિ કરવા દરેક પ્રાણીનું લક્ષ્ય બિંદુ હોવું જોઈએ. આમ થવાથી પોતાનો વ્યવહાર ઘણોજ સુદૃઢ અને શુદ્ધ આચારસંપન્ન બને છે. બીજા પ્રાણીઓ કે જેઓ હમેશાં પોતાના સમાગમમાં આવતા હોય છે તેમનામાં પોતાના નિર્દોષ ઉપદેશવડે શુદ્ધ સંસ્કારો દાખલ કરે, પોતાના શરીરવડે બનતી રીતે તેમને નીતિ અને ધર્મમાર્ગમાં યથાસ્થિતપણે સહાય કરે અને પોતાની માનસિક અવસ્થામાં તેમનું સદાહિત ચિંતવન કરે અને ત્યાર પછી પ્રાણી માત્રને માટે ત્રિકરણ બળવડે હિતબુદ્ધિમાં ઓતપ્રોત થાય એવો અંતરાત્મ વેગ દરેક પ્રાણીએ પ્રાપ્ત કરવા તૈયારી કરવી જોઈએ, અને તેની ભાવના સદા જાગૃત રાખી તદનુકૂળ આચારને મૂર્તિમાન્ કરવો જોઈએ.

'परोपकारायसतांविभूतयः' એ સૂત્ર સજ્જનો અને દુર્જનોના વિભાગ પાડી નાંખે છે. આથી પરમાર્થ દૃષ્ટિવાન્ મનુષ્યોની ગણના સજ્જનોની કોટિમાં આવી શકે છે. તેમની પરિસ્થિતિ આ પ્રકારે હોઈ તેઓનો જે જે પ્રાણીઓ સંગ કરે તે સત્સંગી કહેવાય છે. તેમના સંગથી તેમની હાર્દિક ભાવનાઓ સંગ કરનારના હૃદયમાં ગુણામૃતનો છંટકાવ કરે છે, તેનું હૃદય વિશુદ્ધતર બનાવે છે અને વૈજ્ઞાનિક શબ્દોમાં કહીએ તો 'જેવો આઘાત તેવો પ્રત્યાઘાત' ઉદ્ભવાવે છે.

એક વિદ્વાને કહ્યું છે કે—

"वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामधुरवाचः ।
करणं परोपकरणं येषां केषां नते वंद्याः ॥ "

"જેમનું મુખકમળ પ્રસન્નતાને વસવાનું ગૃહ હોય છે, હૃદય દયામય હોય છે, વાણી અમૃતતુલ્ય હોય છે, અને પરોપકાર એજ જેની ક્રિયા છે, તેઓ જગત્માં કોને નમસ્કરણીય નથી ?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા મનુષ્યોમાંથી સ્વાર્થનો મેલ ધોવાઇ ગયેલો હોય છે; તેથી આર્ત અને રૌદ્ર ધ્યાનની મલિન વાસનાઓનું સ્ફોટન કરી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાઓમાં રમણ કરતા હોય છે. મૈત્રી ભાવનાના વિચાર પ્રવાહમાં તેઓ સર્વ જીવને મિત્રભાવે નિહાળતા હોય છે, પ્રમોદ ભાવના વડે ગુણી જનોના ગુણો તરફ ત્રિકરણ પ્રીતિ યુક્ત થયેલા હોય છે, કારૂણ્ય ભાવનાવડે સંસારમાં કર્મ જનિત દુ:ખથી પીડાયલા પ્રાણીઓ તરફ તેમનો દયાર્દ્રપણાનો ઝરો હૃદયમાંથી છુટે છે અને માધ્યસ્થ દૃષ્ટિવડે ક્રૂર અધ્યવસાયવાળા પ્રાણીઓ ભણી ઉપેક્ષા ભાવ ધારણ કરે છે. આ પ્રાણીઓ પરમાર્થ વૃત્તિની સપાટી ઉપર નહીં પરંતુ તેની તલસ્પર્શી ગહનતાને અનુભવ વડે પ્રાપ્ત થયેલા કહેવાય છે. નિ:સ્વાર્થ વૃત્તિના અગાધ તળીઆને પહોંચી વળનાર આ મનુષ્યો અંતરાત્મ જીવનવડે જીવતા કહેવાયછે. તેઓએ સ્વાર્થ વૃત્તિના અંતરપટના ચૂરેચૂરા કરી નાંખેલા હોવાથી બીજાના કહ્યા વગરજ તેમને ધર્મ પમાડવાના ઉપકારવાળા હોય છે. પરમાર્થ સાધના એજ પોતાનું મુખ્ય કર્તવ્ય સ્વીકારેલું હોયછે. આમ હોઇને પોતાની આસપાસના વાતાવરણમાં પણ તેવાજ સંસ્કારો ઉત્પન્ન કરી એક બીજ એક વૃક્ષ ઉપર અનેક ફળો ઉપજાવે તેમ વિસ્તૃત મર્યાદામાં અન્યને પણ પોતાની સ્થિતિ સંધાતે જોડી દે છે; અંતરાત્મ સ્થિતિમાં નિ:સ્વાર્થ વૃત્તિની ઉંચી હદે પહોંચ્યા પછી પરમાત્મપણાના અધિકારી થતાં વિલંબ લાગતો નથી. વાસ્તવિક પરમાર્થ કોને કહેવાય તેને માટે શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક વદે છે કે—

"जन्मनि कर्म क्लेशैरनुबद्धेऽस्मिन्तथा प्रयतितव्यं ।
कर्मक्लेशाऽ भावो यथा भवत्येष परमार्थः" ॥

"અનંત જન્મથી કર્મ કલેશવડે ગાઢ થયેલા આ આત્માનો તે કર્મ કલેશથી જે રીતે છુટકારો થાય તેવા પ્રકારનો પ્રયત્ન તે પરમાર્થ છે. અર્થાત્ તેજ સ્વાર્થ—આત્માર્થ છે."

ઉક્ત નિવેદનવડે સ્વત: સિદ્ધ થઇ શકે છે કે નિ:સ્વાર્થ વૃત્તિ. ઉંચામાં ઉંચી હદમાં ત્યારેજ અસ્તિત્વ ધરાવે છે કે જ્યારે એક પ્રાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના પૌદ્ગલિક સર્વ લાભોને પરહિત યજ્ઞની વેદિકા ઉપર આહુતિ આપી જગતનું કલ્યાણ ઈચ્છે છે અને તેના પ્રયત્નોમાં સદા જાગૃત રહી અનેક પ્રકારે પોતાની શક્તિ પ્રમાણે હિતકર્તા નીવડે છે. આવી સ્થિતિ પામવા માટે માનસિક સંસ્કારો બહુજ સુદઢ કરવા જોઇએ. કેમકે કેટલાએકને સ્વાર્થવૃત્તિ વારસામાં મળેલી હોય છે તેમને પ્રયત્નવડે પહેલ પાડવાથી મટી શકે છે, પરંતુ જેમને સ્વાભાવિક રીતે સ્વાર્થ વૃત્તિનો વિશેષ પ્રમાણમાં અભાવ હોય છે તેઓને થોડો પણ ગુરૂ ઉપદેશ અથવા સચ્છાસ્ત્ર શ્રવણ બસ થઇ પડે છે. નીતિકાર કહે છે કે—

" क्षुद्राः सांतिसहस्रशः स्वभरण व्यापारपात्रोद्यताः ।
स्वार्थो यस्य परार्थ एव परमो नैकः सतामग्रणी " ॥

પોતાની અન્નપૂર્ણા કરવાને ઉદ્યમવંત હજારો ક્ષુદ્રજનો માલૂમ પડશે પરંતુ પારકાનો અર્થ એજ પોતાનો સ્વાર્થ માનનારા બહુજ જવલ્લે મળી આવશે. આ રીતે પરમાર્થ વૃતિવડે સ્વાર્થ—આત્માર્થ ઉત્પન્ન કરનારી નિઃસ્વાર્થ વૃતિનું સ્વરૂપ કેવું અદ્ભુત છે તેનો સહજ ખ્યાલ આવી શકશે એવી માન્યતા સાથે વિરમવામાં આવેછે.

vijayendu.

# શ્રી શત્રુંજય મહાતીર્થ યાત્રા વિધિ.

( શ્રી શત્રુંજય માહાત્મ્ય. )

લેખક.

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

પરમપવિત્ર એવું શ્રી સિદ્ધાચળજી મહાતીર્થ કે જેનું મહાત્મ્ય અનેક શાસ્ત્રોમાં વર્ણવેલું છે, એટલુંજ નહિં પરંતુ તે પૂર્વપુણ્યના પુર્ણઉદય સિવાય મળી શકતું નથી. વળી શાસ્ત્રકારોએ ત્યાં સુધી પણ જણાવેલું છે કે ભવિપુરૂષો સિવાય તો અન્યો નજરે પણ દેખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નથી. જેને માટે પૂર્વ પ્રભાવિક મહાત્માઓ–કેવળી–શ્રુત-કેવળી વિગેરે કહી ગયા છે.—બતાવી ગયા છે અને પાછળની પ્રજા—( આપણે માટે ) ઉત્તમોત્તમ અમૂલ્ય વારસો મૂકી ગયા છે.

આ તીર્થનું મહાત્મ્ય જે જે ગ્રંથોમાં બતાવવામાં આવ્યું છે, તેને માટે કેટલાક બાળ—અલ્પજ્ઞ જીવોને અતિશયોક્તિ જણાય છે, પરંતુ તેમાં કિંચિત પણ તેવું નથી. જો પૂર્ણ શ્રદ્ધાથી શુદ્ધ ક્રિયાપૂર્વક આશાતનારહિતપણે આ પવિત્ર તીર્થનો લાભ લેવામાં આવે છે તો તે પુરૂષને પૂર્વાચાર્યોએ બતાવેલા મહાત્મ્ય બરાબર છે એમ અનુભવ થાય છે. તેવો અનુભવ ભવ્ય પ્રાણીઓને કરાવવા માટેજ આ લેખનો હેતુ છે. આટલું આ લેખ સંબંધી જણાવી પરોપકારી લેખક તેની યાત્રા વિધિ બતાવે છે.

પ્રથમ તીર્થંકર શ્રી રિષભદેવ ભગવાનના આદેશથી તેમના પ્રથમ ગણધર શ્રી પુંડરીક મહારાજાએ જગતના કલ્યાણ માટે સર્વ-તત્ત્વ યુકત અને અનેક આશ્ચર્યથી ભરેલું 'શ્રી શત્રુંજય મહાતીર્થનું મહાત્મ્ય' સવાલાખ શ્લોકોથી પ્રગટ કર્યું હતું. ત્યારબાદ શ્રી મહાવીર સ્વામીના શાસનથી તેમના ગણધર શ્રી સુધર્માસ્વામીએ ભાવી મનુષ્યોનાં આયુષ્ય અતિ અલ્પ જાણી તેમના ઉપકાર માટે ઉકત મહાત્મ્યને સંક્ષેપી ૨૪ હજાર શ્લોક પ્રમાણ કર્યું. ત્યાર પછી શ્રી સૌરાષ્ટ્ર દેશના મહારાજા 'શીલાદિત્ય' ના આગ્રહથી તેમના સમર્થ ગુરૂ શ્રી ધનેશ્વરસૂરિએ તેમાંથી સાર સાર ગ્રહી વલ્લભીપુરમાં લગભગ ૧૦ હજાર શ્લોક પ્રમાણ સુખબોધક શત્રુંજય મહાત્મ્ય બનાવ્યું. આ સુખબોધક શ્રી શત્રુંજય માહાત્મ્ય ઉપરાંત એક શત્રુંજય લઘુકલ્પ અને બીજો શત્રુંજય મહાતીર્થકલ્પ એ પણ પૂર્વ મહાપુરૂષ પ્રણીત હોવાથી પ્રમાણભૂત છે. તેમાં પણ બહુ અગત્યની બાબતનો સમાવેશ કરેલો છે.

## તીર્થરાજનાં ઉત્તમ ૨૧ નામ.

૧ શત્રુંજય, ૨ બાહુબલી, ૩ મરૂદેવ, ૪ પુંડરીકગિરિ, ૫ રૈવતગિરિ ૬ વિમલાચલ, ૭ સિદ્ધરાજ, ૮ ભગીરથ, ૯ સિદ્ધક્ષેત્ર, ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહસ્રકમલ, ૧૧ મુક્તિ-નિલય, ૧૨ સિદ્ધાચલ, ૧૩ શતકૂટગિરિ, ૧૪ ઢંક ૧૫ કોડી નિવાસ, ૧૬ કદંબગિરિ, ૧૭ લોહિત્ય, ૧૮ તાલ ધ્વજ, ૧૯ પુણ્યરાશિ, ૨૦ મહાબલ, અને ૨૧ દૃઢ શક્તિ. એ તેનાં સુપ્રસિદ્ધ ઉત્તમ ૨૧ નામ છે. શત્રુંજય મહાતીર્થ કલ્પમાં કંઇ પાઠાંતરે જુદાં નામ પણ કહ્યાં છે. ફકત બધાં નામ સુરનર અને મુનિજનોએ તેના ઉત્તમ ગુણને અનુસરી પાડેલાં છે. વળી તેનાં ૧૦૮ નામ પણ સંભળાય છે, જેમાંનાં ૯૯ નામ તો નવાણું પ્રકારની પુજામાંજ આવેલાં છે. તે નવાણું નામ ઉપરાંત બીજાં પણ નામ શ્રી શત્રુંજય મહાત્મ્ય પ્રમુખમાં દેખાય છે. એ બધાંએ નામ કંઈને કંઇ ઉત્તમ હેતુથીજ પ્રસિધ્ધ થયેલ છે. તેમાં પણ ઢંક, કદંબ, કોડીનિવાસ, લોહિત્ય અને તાલધ્વજ એ પાંચ કૂટ તો દેવતાધિષ્ટિત રત્નખાણો, ગુફાઓ, ઔષધી અને રસકુંપિકા યુકત છે. તે પાંચ કૂટ સજીવન કહેલાં છે.

## તીર્થરાજનું માન—પ્રમાણ.

દરેક અવસર્પિણી કાળના પ્રથમાદિક છ આરામાં તેનું માન અનુક્રમે ૮૦, ૭૦, ૬૦, ૫૦, ૧૨ યોજન અને ૭ હાથનું ઘટતું કહેલું છે. તેવીજ રીતે ઉત્સર્પિણી કાળના ચઢતા છ આરામાં તેનું માન અનુક્રમે ૭ હાથથી વધતું જતું છેવટે ૮૦ યોજન પ્રમાણ થઈ જાય છે. રિષભદેવ ( પ્રથમ તિર્થંકર ) ના સમયે તેનું માન ઉચ્ચપણે ૮ યોજન મૂળમાં વિસ્તારે ૫૦ યોજન અને ઉપર શિખર તળે ૧૦ યોજન હતું. એ ત્રીજા આરાના છેડે રહેલું ગિરિનું માન જણાવ્યું. તેવીજ રીતે ચોથા આરાના છેડે મૂળ ઘેરાવમાં ૧૨ યોજનનું માન અર્થાત્ સમજી લેવું.

## સિદ્ધાચળ ઉપર તીર્થંકરોનુ અવારનવાર આગમન.

અતીત કાળમાં રિષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરોએ ગિરિરાજ ઉપર સમવસરી અનેક જીવોને ઉદ્ધરી પોતે સિદ્ધિપદને પામ્યા છે. ભવિષ્યકાળમાં પદ્મનાભ પ્રમુખ તીર્થંકરો અહીં આવી સમવસરશે, તેમજ વર્તમાન ચોવીશીમાં શ્રી નેમિનાથ વગર ૨૩ તીર્થંકરો આવી સમવસર્યા છે. તીર્થંકર ભગવાનો અત્ર અવારનવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી સમવસર્યા છે તે કેવળજ્ઞાન-દર્શનવડે અનંત લાભ જાણીને, તેમાં પણ વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી રિષભદેવ ભગવાન તો પૂર્વ ૯૯ વાર અત્ર આવી સમવસર્યા છે.

પ્રથમ તીર્થંકર ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીક મહારાજ અત્ર એક માસનું અણસણ પાળી ચૈત્રી પુર્ણિમાના દિવસે પાંચ ક્રોડ મુનિઓ સાથે મોક્ષ પદ પામ્યા છે, તે દિવસથી આ ગિરિરાજ પુંડરીક નામથી પ્રસિદ્ધિ પામ્યો છે.

રિષભદેવ ભગવાન પહેલાં ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમ જેટલો કાળ ધર્મ વ્યવધાન પડેલું તેથી તે વખતે ભાવી જનોના કલ્યાણ અર્થે સૌધર્મ ઇંદ્રના આદેશથી પ્રભુના પુત્ર ભરત ચક્રવર્તીએ પ્રભુના મુખથી શ્રી તીર્થરાજના ગુણ સાંભળી શ્રી સંઘપતિ તીલક કરાવી ચક્રવર્તી સંબંધી સકળ સમૃધ્ધિ સાથે લઇ શ્રીનાભ ગણધરને આગળ કરી શ્રી તીર્થરાજને ભેટી ત્યાં વર્ધકી રત્નની પાસે ૨૨ જિનાલય યુક્ત ઉત્તુંગ શ્રી રિષભદેવ પ્રાસાદ બનાવ્યો. ૨૨ જિનાલય સાથે શ્રી રિષભદેવ પ્રભુનો પ્રાસાદ બનાવવાનો હેતુ એ જણાય છે કે નેમિનાથ શિવાય ૨૩ તીર્થંકરો અત્ર સમવસરેલા છે.

## સંઘપતિ થઇ સંઘ સાથે યાત્રા કરવા આવનારનો વિવેક.

પ્રથમ ઉત્તમ ગુરૂમહારાજ પાસે અક્ષત વાસક્ષેપ કરાવવો. ત્યાર બાદ મહર્ધિક શ્રેષ્ઠી પ્રમુખે સંઘપતિને તેમજ સંઘવણને ઉત્તમ પુષ્પમાળા પહેરાવવી. પછી સંઘપતિ સર્વ સ્થાનકથી શ્રી સંઘને આમંત્રણ કરી બોલાવે અને સ્વનગર ચૈત્યોમાં પ્રથમ મહોત્સવ કરે. પછી જ્ઞાની ગુરૂજનોને ભકિતથી પોતાના ઘરે બોલાવી સર્વ વિઘ્નોનો નાશ કરવા માટે પ્રથમ શાંતિકર્મ કરાવવું, જેથી મંત્રોવડે પ્રત્યક્ષ થયેલા દેવતાઓ નિર્વિઘ્ને યાત્રા પૂર્ણ કરાવે. સંઘપતિ સાથે એક મનોહર ચૈત્ય શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિમા યુક્ત રાખે. શુભ દિવસે શુભ મુહુર્તે શુભ શુકનયોગે ત્યાંથી પ્રયાણ કરે. ગુરૂ મહારાજને આગળ કરી, માર્ગમાં જિનશાસનની પ્રભાવના કરતા, જીર્ણ ચૈત્યાદિકનો ઉધ્ધાર કરતાં, દીન દુઃખીને યોગ્ય આલંબન દેતા અને સંઘ સાધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્મિક જનોની યથાયોગ્ય ભક્તિ કરતા અનુક્રમે તીર્થરાજ નજદીક આવે. અહીંથી તીર્થરાજનાં દર્શન થાય છે એવી વધામણી આપનારને અતિ ઉદારતાથી ' તુષ્ટિ દાન ' આપે. અને ગિરિરાજનાં સાક્ષાત્ દર્શન કરી વાહનનો ત્યાગ કરી વિકસ્વર લોચન વડે તિર્થાધિરાજને નિરખી પંચાંગ પ્રણામ કરી પ્રભુના ચરણુની પેરે ગિરિરાજની સેવા કરે. ગિરિરાજને વગર દેખ્યાં પણ શ્રી સંઘની ભક્તિ કરવાથી બહુ લાભ છે. તે પછી ગિરિરાજને સાક્ષાત્ નજરે જોયા બાદ શ્રી સંઘની ભકિત કરવાના ફળનું કહેવુંજ શું ? ગિરિરાજનાં દર્શન થયા બાદ ત્યાંજ નિવાસ કરી સંઘપતિએ મહાધવોની સાથે ઉપવાસ કરવો અને શુદ્ધ થઇ ઉત્તમ વસ્ત્ર અલંકાર ધારી પત્ની સહીત દેવાલયમાં આવી પ્રભુની સ્નાત્ર પૂજા કરવી. પછી ઉત્તમ ધૂપ દહન કરી મંગળ ધ્વનિ સહિત મંગળ ગીત ગાતાં શ્રી ગિરિરાજ તરફ થોડાં પગલાં જઈ ઉત્તમ યક્ષ કર્દમવડે ભૂમિ ઉપર વિલેપન કરી શ્રી સંઘને સ્વસ્તિ–કલ્યાણકારી એવો અક્ષતનો કે મોતીનો એક સ્વસ્તિક (સાથીઓ) કરવો. પછી બધો કોલાહલ શાંત કરાવી ગુરૂ મહારાજને આગળ કરી સંઘપતિએ વિધવિધ દ્રવ્યોથી પૂજનોત્સવ કરવો, અને સંઘ પૂજા સાધર્મીવાત્સલ્ય તથા દેવાલયમાં સંગીત ભક્તિભાવથી કરવાં. તે સમયે મહાધવોએ તેમજ અન્ય મહાશયોએ પણ પત્ની સહિત સંઘપતિની વસ્ત્રાલંકાર તથા પુષ્પમાળાથી બહુ માન પૂર્વક પૂજા કરવી. તે દિવસ દેવગુરૂની ભક્તિ કરતાં સહુએ ત્યાંજ રહેવું. અને ભરત માહારાજની પેરે શ્રી તીર્થરાજની સ્તુતિ કરવી. જે ભવ્ય જનો ભક્તિ ભાવથી ગિરિરાજની સ્તુતિ કરે છે તે સ્વસ્થાને રહ્યા છતાં તીર્થયાત્રાનું ઉત્તમ ફળ પામે છે.

બીજા દીવસે પ્રભાતે સંઘ સહિત જિનાલયમાં જઈ તીર્થંકર ભગવંતને તથા ગુરૂ મહારાજને વંદના કરી સંઘપતિ વગેરે પારણું કરે. ત્યારબાદ ગુરૂ મહારાજને આગળ કરી સંઘપતિ સંઘ સહિત શ્રી તિર્થરાજને ભેટવા આતુરતાધારી આગળ ચાલે, મંગળ ધ્વનિ સહિત શ્રી ગિરિરાજ ઉપર ચઢતાંવાટમાં ગિરિરાજની અદ્દભૂત શોભા જોઇ દીલમાં અતિ આલ્હાદ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગિરિરાજનો અદ્ભુત મહિમા.

અન્ય સ્થળે અતિ ઉગ્રતપ અને બ્રહ્મચર્યથી જે ફળ મળે તે અત્ર શુદ્ધભાવથી નિવસવવા વડેજ પ્રાપ્ત થઇ શકે છે.

કોટિ ગમે મનુષ્યોને ઇચ્છિત ભોજન કરાવવાથી જે ફળ પ્રાપ્ત થાય તે અત્ર એક ઉપવાસ માત્રથી પ્રાપ્ત થઈ શકે છે. સ્વર્ગ મૃત્યુ અને પાતાલમાં જે જે તીર્થો છે, તેમનાં દર્શનનું ફળ પુંડરીક ગિરિરાજને ભાવથી ભેટવા વડે પ્રાપ્ત થઇ શકે છે. શ્રી શત્રુંજયના માર્ગમાં યાત્રાર્થે જતા સાધુ સંઘની ભકિત પ્રભાવના વયાવચ્ચ પ્રમુખ કરતાં ગિરિરાજ દૂર હોય ત્યાં સુધી ક્રોડ ગણું ફળ અને સાક્ષાત નજરે પડતાં અનંત ગણું ફળ પ્રાપ્ત થઈ શકે છે.

જે જે મહાનુભાવ મુનિઓને અત્ર કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેમજ નિર્વાણ પ્રાપ્ત થયું છે, તે સર્વને વંદન કરવાનું ફળ શ્રી પુંડરીક ગિરિરાજને ભાવસહિત વંદન કરતાં પ્રાપ્ત થઈ શકે છે. અષ્ટાપદ, સમેતશિખર, પાવાપુરી, ચંપાપુરી અને ગિરનારજી વંદન કરતાં જે પુન્ય ફળ થાય તેથી સોગણું ફળ આ ગિરિરાજને શુદ્ધ ભાવથી વંદન કરવા વડે મળી શકે છે.

અત્ર પ્રભુ પૂજા (શુદ્ધ દ્રવ્યથી) કરનારને જે ફળ મળે તેથી સોગણું ફળ શાસ્ત્ર રીતિ મુજબ નિર્માણ થયેલી જિનપડિમા ભરાવવાથી પ્રાપ્ત થાય છે. હજાર ગણું ફળ શાસ્ત્ર રીતિથી જિનભુવન કરાવતાં મળે છે. પરંતુ આ તીર્થનું યથાર્થ રક્ષણ કરનારને તો અનંત ગણું પુણ્ય હાંસલ થઈ શકે છે. પ્રભુ આજ્ઞાનું રહસ્ય જાણી તે પ્રમાણે પરમાર્થ દાવે વર્તનારનીજ બલિહારી છે. શ્રેષ્ટ ફળ તેજ મેળવી શકે છે. આ ગિરિરાજને મન વચન અને કાયાની શુદ્ધિથી સ્મરણ કરતો જે કોઇ ભવ્યાત્મા અત્ર ગિરિરાજ ઉપર શુભ નિષ્ટા રાખી મોક્ષફળની ઇચ્છાથી નવકારશી, પોરસી, પુરિમઢ્ઢ, એકાસણુ, આયંબિલ અને ઉપવાસ કરે છે, તે અનુક્રમે છઠ્ઠ, અઠ્ઠમ, દુવાલસ (પાંચ ઉપવાસ) અર્ધમાસ અને એક માસ ઉપવાસનું ફળ મેળવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ભવ્યાત્મા અન્ન પાણી રહિત (ચોવિહારો) છઠ્ઠ કરીને સાત યાત્રા (જયણા પૂર્વક) કરે છે તે ત્રીજે ભવે મોક્ષપદ પામી શકે છે.

આજ પણ આ ગિરિવરના પસાયથી ગમે તેવા આચાર વગરના જીવ પણ અનશન આરાધી સુખે સ્વર્ગે જઇ શકે છે.

આ ગિરિરાજ ઉપર પ્રભુભકિત યોગ્ય પૂજોપગરણ દેવાવડે ભવિષ્યમાં તે દાતા ઉત્તમ સમૃદ્ધિ પામી શકે છે.

આ તિર્થરાજ ઉપર તાજાં અને ઉત્તમ સુગંધિ પુષ્પોની જયણાથી ગુંથેલી માળાઓ ચઢાવવા વડે મોટું પુણ્ય બંધાય છે. (સોયવડે વિંધેલા ફુલોની માળા કરતાં છુટાં સારાં સારાં ફુલ ચઢાવવા વધારે શ્રેયકારી છે. સોય ઘોંચવાથી ફુલના જીવને કેટલી કિલામના થતી હશે તે આપણા પોતાનાજ દાખલાથીજ સહેજે સમજી શકાય તેવું છે. વધારે શકિત હોય તો શ્રેષ્ઠ સુગંધિ ફુલોના પગર પણ ભરાવી શકાય. આ બાબત ચાલતો અવિધિ દોષ ટાળવા દરેક ભવ્યજને ખાસ લક્ષ દેવાની જરૂર છે.)

આ ગિરિરાજ ઉપર કૃષ્ણાગરૂ પ્રમુખનો ધૂપ કરવાથી ૧૫ ઉપવાસનું ફળ મળે છે. અને ઉત્તમ કર્પૂર મિશ્રિત ધૂપ કરવાથી એક માસ ઉપવાસનું ફળ મળી શકે છે. વળી સાધુ–મુનિરાજને શુદ્ધ આહાર પાણી વસ્ત્ર પાત્ર ઔષધ તેષજ અને રહેવા સ્થાન વિગેરે આપવાથી કેટલાક માસના ઉપવાસનું ફળ મળે છે.

અન્ય તીર્થોમાં સુવર્ણ ભૂમિ અને ભૂષણોનું દાન દેવાથી જે પુન્ય પ્રાપ્ત થાય તે આ ગિરિરાજ ઉપર પ્રભુની પૂજા અને સ્નાત્ર માત્રથી પ્રાપ્ત થઇ શકે છે.

જે ભવ્યાત્માઓ શ્રી શત્રુંજય ગિરિરાજને સદાય પોતાના હૃદય કમળમાં ધ્યાયા કરે છે તેઓ સકળ મહાભયોથી મુકત થાય છે. જોકે સંખ્યા રહિત તીર્થંકરાદિકના ચરણ સ્પર્શવડે તથા અનંત કોટા કોટી જનો અત્ર સિદ્ધ (સર્વથા કર્મ મુકત) થવા વડે આ મહાતિર્થ સદાય પજનીય છે તોપણ ભવ્ય જનોને વિશેષે આલંબનભૂત થાય એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેતુથી ઇન્દ્ર મહારાજની પ્રેરણા વડે ભરત ચક્રવર્તીએ અત્ર એક રિ-ષભ પ્રભુનો પ્રાસાદ બાવીશ જિનાલય યુક્ત બનાવ્યો. તે પ્રથમ ઉધ્ધાર.

બીજો ઉધ્ધાર સગર ચક્રવર્તીએ શ્રી અજિતનાથ પ્રભુના સમયે કરાવ્યો. તે વખતે પ્રથમની રત્નમય પ્રતિમા તેમણે પડતો કાળ જાણી સુવર્ણ ગુફામાં પધરાવી દીધી.

તે સુવર્ણ ગુફામાં વિરાજમાન કરેલી રત્નમયી શ્રી રિષભ પ્રતિ-માને કોઇ ધન્ય કૃત પુન્ય ભવ્ય આત્માજ જોઈ શકે છે. તેને માટે બ્રહત્ શત્રુંજય કલ્પમાં આવો અધિકાર કહેલો છે કે—ચેલણ તલા-વડી સમીપે રહેલી (દેવાધિષ્ઠિત) ગુફામાં પધરાવેલી ભરત મહારાજાએ કરાવેલી પ્રભુ પ્રતિમાને ભેટનાર—નમન કરનાર મહા પુરૂષ એ-કાવતારી થાય છે. દધિફળ (કોઠાં) ના વૃક્ષ સમીપે અલખ્ખ દેવડીની નજદીકના ભાગમાં મોક્ષના દ્વાર જેવું તે સુવર્ણ ગુફાનું દ્વાર ઉઘા-ડીને અઠ્ઠમ તપના આરાધનથી તુષ્ટમાન થયેલો કપર્દી યક્ષ તે ગુફામાં પધરાવેલી ભરતે ભરાવેલી પ્રભુ પ્રતિમાના દર્શન કરાવે છે. ( તે મહાનુભાવ ભવિ આત્મા એકાવતારી થઈ મોક્ષ પામે છે) મહા-વિદેહ ક્ષેત્રમાં વિચરતા ( વિહરમાન ) સીમંધર પ્રભુ પણ ત્યાં રહેલા ભવ્યજનો આગળ (દ્વાદશ પર્ષદા મધ્યે) શ્રી શત્રુંજય મહાતીર્થના ગુણ ગાય છે એવું એનું અદ્ભુત મહાત્મ્ય છે.

આ ગિરિરાજ ઉપર અસંખ્ય ઉદ્ધાર, અસંખ્ય જિનમંદિરો, અને અસંખ્ય પ્રતિમાઓ પુન્યશાળી જીવોએ કરાવેલ છે. તેમાં મોટા ૧૬ ઉધ્ધારની વાત ૯૯ પ્રકારની પૂજા વિગેરેમાં સુપ્રસિધ્ધ છે.

## " તીર્થ યાત્રા કરતાં પાળવી જોઇતી છરી "

૧. **સચિત પરિહારી**—કાચું પાણી, કાચાં ધાન્ય, કાચી વનસ્પતિ (ફળ ફુલ વગેરે ) તે બધાં અપરિપક્વ હોય, સચેત હોય, ત્યાંસુધી તેવાં ખાનપાનનો ત્યાગ.

૨. **એકલાહારી**—એક સ્થાને બેસીને નિયમીત એકજ વખત નિ-રવદ્ય—નિર્દોષ અન્ન પાનનુંજ સેવન કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. ગુરૂ સાથે પદચારી—ગુરૂ મહારાજને આગળ કરી તેમની પછ-વાડે વિનયપૂર્વક ઉઘાડા પગે વાહન વગર ચાલવું.

૪. ભૂમીસંથારી—માચા, પલંગ તજી કેવળ ભૂમિ ઉપર સંથારવું.

૫. બ્રહ્મચર્યધારી—યાત્રાના દિવસોમાં સ્ત્રી પુરૂષોએ વિષય ક્રિડાનો સંતોષ, વૃત્તિથી ત્યાગ કરી નિર્મળ શીલ પાળવું.

૬. આવશ્યક દોયવારી—ઉભય ટંક દેવસી અને રાઈપ્રતિક્રમણ કરી લાગેલાં કંઇ પણ દૂષણ ટાળવા ખપી થવું; અન્ય સ્થળે "આવશ્યક દોયવારીના બદલે શુધ્ધ સમ્યકત્વધારી" એમ કહેલું છે. એટલે કોઈ પ્રકારના લૌકિક કે લોકોત્તર મિથ્યાત્વ સેવનથી સદંતર અલગાજ રહેવા પ્રયત્નશીલ થાવું.

## નવાણું યાત્રા કરનારે ઉક્ત છરી ઉપરાંત કરવાની કરણી.

૧. એક લક્ષ નવકાર—મહામંત્રનો જાપ પુરો કરવો. ઉકતજાપ સ્થિર ચિત્તથી (મન વચન અને કાયાની શુધ્ધિથી) ગણવો ઉચિત છે. જાપ ગણુતાં કોઈ સાથે વાર્તાલાપ નજ કરવો. માર્ગમાં ચાલતા ગણવા કરતાં સ્થિર મુકામે ગણવો સારો છે. કેમકે ચાલતાં જીવ જયણા પાળવાનો ખાસ ખપ કરવો જોઈએ. જો હર હમેશ (બાંધી) ૧૦ નવકારવાળી ગણી શકાય તો ૯૯ દિવસે તે જાપ પુરો થઈ શકે. કારણસર કદાચ ન ગણી શકાય તો તે આગળ પાછળ ગણીને પણ છેવટે પુરો લક્ષ જાપ ગણી દેવો.

૨. પ્રતિદિન તીર્થ જળાદિકથી શુધ્ધ થઇ શુધ્ધ વસ્ત્ર અલંકાર ધારણ કરી જયણા સહિત બની શકે ત્યાં સુધી નિરંતર એક એકજ યાત્રા આશાતના ટાળીને કરવી.

૩. હરહમેશ બની શકે ત્યાં સુધી અષ્ટ પ્રકારની પૂજા કરવી. તેમાં વાપરવાનાં દ્રવ્ય પોતાનાં ઘરનાં શુદ્ધ નિર્દોષ વાપરવાં.

૪. જોકે દરેક જિનમંદિરમાં પ્રભુનાં દર્શન કરતાં 'નમો જિણાણં' અથવા એકાદ નમસ્કાર શ્લોક પ્રમુખથી સામાન્ય ચૈત્યવંદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો કરવુંજ. પરંતુ મનહર પાંચેક સ્થળે વિશેષે ચૈત્યવંદન પ્રમુખ કરી ભાવની વૃદ્ધિ થાય તેમ કરવું.

૫. મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના દેરાસર ફરતી ત્રણ પ્રદક્ષિણા ( બનતાં સુધી બીજાં બધાં ચૈત્યોનાં દર્શન સાથે સાથેજ થઇ જાય તેમ ) દરેક યાત્રા વખતે દેવી.

૬. શ્રી તીર્થરાજના આરાધન અર્થે તેમના ઉત્તમ ગુણનું સ્મરણ કરીને પ્રતિદિન ૯ ખમાસમણાં દેવાં. તેમજ નવ લોગસ્સનો કાઉસ્સગ વિગેરે યથાયોગ્ય કરવું.

૭. ૯૯ યાત્રાની પૂર્ણાહુતિ થતાં એકી સાથે મૂળનાયકજીના ચૈત્ય ફરતી ૯૯ પ્રદક્ષિણા તેમજ ૧૦૮ ખમાસમણ દેવાં. તેવીજ રીતે યથાશકિત વિશેષ પ્રકારે પ્રભુની પૂજા ( ૯૯ પ્રકારી વિગેરે ) ભણાવવી અને તેવે પ્રસંગે યથાશક્તિ દ્રવ્ય ભાવથી ભક્તિની વૃદ્ધિ થાય તેમ લક્ષ રાખવું.

૮. બધી પાગોની ફરશના કરવા ઉપરાંત ગિરિરાજની ૬ ગાઉની, ૧૨ ગાઉની વિગેરે પ્રદક્ષિણા ફરવા બનતો ખપ કરવો. તેવે પ્રસંગે બનતાં સુધી ખુલ્લા પગે ચાલી જયણા પૂર્વક પૂર્વોકત મર્યાદા સહિત ગિરિરાજની સેવા ભકિત્ત કરવી.

૯. પ્રતિદિન યાત્રાર્થે જતાં માર્ગમાં પ્રભુની પાદુકાઓ તેમજ સિદ્ધ થયેલા મહાશયોની પ્રતિમાઓ આવે તેમને ભાવ સહિત નમન પૂજન વિગેરે કરવા લક્ષ રાખવું. પાસે થઇને અનાદર કરી ચાલ્યા જવું નહિ.

સાત છઠ્ઠ અને બે અઠ્ઠમનો તપ કરી શ્રી ગિરિરાજનું ધ્યાન કરતાં યાત્રાદિકનો પ્રમાદ રહિત લાભ લેવો.

| | |
|---|---|
| સાતે છઠ્ઠમાં અનુક્રમે આવી રીતે જાપ જપતાં ૨૦ નવકારવાળી ગણવી. | ૧ શ્રી આદીશ્વર પરમેષ્ઠિને નમઃ<br>૨ શ્રી આદીશ્વર અર્હતે નમઃ<br>૩ શ્રી આદીશ્વર નાથાય નમઃ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ શ્રી આદીશ્વર સર્વજ્ઞાય નમઃ
૫ શ્રી આદીશ્વર પારંગતાય નમઃ
૬ શ્રી શત્રુંજય સિધ્ધક્ષેત્ર પુંડરીકાયનમઃ
૭ શ્રી સિધ્ધક્ષેત્ર પુંડરીક
વિમળ ગિરિવરાય....નમઃ

બન્ને અઠ્ઠમમાં ૮-૯ શ્રી સિધ્ધાદ્રિ શત્રુંજય
સિધ્ધગિરિવરાય...........નમઃ

## ખાસ અગત્યની સૂચના ( લક્ષમાં રાખવા યોગ્ય )

૧. જયણા પૂર્વક સાતે શુદ્ધિ સાચવીને યાત્રાર્થે જતાં વિકથાદિક પ્રમાદ સેવવો નહિ. વિકથાથી પોતાનું તથા પરનું પણ બગડે છે. તેથી હૃદયમાં શ્રી ગિરિરાજના ગુણનું સ્મરણ કરતાં કરતાં વધતા શુભ પરિણામે ઉપર ચઢવું.

૨. ધર્મનું મૂળ વિનય હોવાથી નમ્રતા રાખી ચાલવું. યાત્રાર્થે જતાં દેહનું દમન કરવું. ખાસ મોટી માંદગી વિગેરે કારણ વગર 'ડોળી' કરી તેમાં બેસી જવા કરતાં ખુલ્લા પગે ચાલીનેજ, બીજા કોઈને તકલીફ આપ્યા શિવાય યાત્રા કરવી. પ્રભુ પૂજા ચૈત્યવંદનાદિક વખતે પણ વિનયગુણ વિસરી જવો નહિ. સદ્‌ગુણી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વિગેરેનું યથાયોગ્ય માન સાચવવા ભૂલવું નહિ.

૩. તીર્થજળ પવિત્ર હોવાથી તેને ઉષ્ણ કરી કે કરાવી સ્નાન કરવા કરતાં તે શુદ્ધ જળથીજ જયણા પૂર્વક સ્નાન કરી પ્રભુ પૂજનમાં પ્રવૃત્ત થવું યુક્ત છે.

૪. યાત્રા પૂજાદિકમાં ભાઈઓએ તેમજ બ્હેનોએ બરાબર પોતપોતાની મર્યાદા સાચવવા સંભાળ રાખવી. એકજ સ્થળે પૂજન વિગેરે કરતાં મર્યાદા જળવાય નહિતો બીજા સ્થળે ભાવ સહિત પ્રભુભકિત કરી લેવી.

૫. ડુંગર પૂજા કરવા જતાં માર્ગમાંજ પગથીયાં ઉપર પુષ્પાદિક ચઢાવવા કરતાં ખાસ નિયમિત સ્થળોએ કે ડુંગરમાંની કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલાયદી શીલા ઉપર પુષ્પાદિક ચઢાવવા યુક્ત છે. તેવે પ્રસંગે નજરે પડતી અશુચિ વિગેરે આશાતના દૂર કરવા કરાવવા પૂરતું લક્ષ રાખવા ચૂકવું નહિ.

૬. સ્નાન કરતી વખતે પહેરવાનું વસ્ત્ર પોતપોતાનું અલાયદુંજ રાખવું દુરસ્ત છે, તેમજ તેજ વસ્ત્રથી ભીનું અંગ નહિ લુછતાં અલાયદા અંગુછા વિગેરેથીજ શરીર સાફ કરવું યુક્ત છે. એમ કરવાથી શરીરની આરોગ્યતા જળવાશે અને અન્યથા થતી આશાતના પણ દૂર થઇ શકશે. આ બાબત ઉપેક્ષા કરવી નહિ.

૭. પ્રભુ પાસે ધરવા માટે ફળ, ફૂલ વિગેરે જે ઉત્તમ દ્રવ્ય લઇ જવાનાં હોય તે જેમ તેમ અનાદરથી નહિ લઈ જતાં આદર પૂર્વક લઈ જવાં. માર્ગમાં જતાં કેટલાક મુગ્ધ યાત્રાળુઓ શ્રીફળને ચોટીથી ઝાલી લઈ જતા દેખાય છે તે અનુચિત છે. શ્રીફળ આદિક આદર સહિત બે હાથમાં અથવા સ્થાળ પ્રમુખમાં રાખીનેજ જવું ઉચિત છે.

૮. યાત્રાર્થે જતાં ઉપર માર્ગમાં પણ કોઈ પણ પ્રકારે આશાતના ન થાય એવી સંભાળ રાખતાં રહેવું.

૯. યથાશકિત પોરસી પ્રમુખનું પચ્ચખાણ કરીનેજ ઉપર ચઢવું. કેમકે અત્ર કરેલું થોડું પણ પચ્ચખાણ મહાન લાભને આપેછે.

૧૦. આ ક્ષેત્રમાં હરેક રીતે સીદાતા સાધર્મી ભાઇઓને વિવેક સહિત સહાય આપી ધર્મમાર્ગમાં જોડવા પ્રયત્ન કરવો.

૧૧. દેહ ઉપરની માયા ઓછી કરી સુખશીલપણું તજીને અત્રે સ્વશકિત અનુસારે દાન, શીલ, તપ અને ભાવ રૂપ ધર્મનું સારી રીતે સેવન કરવું.

૧૨. પ્રતિદીન બનતાં સુધી જયણાપૂર્વક ( જીવની વિરાધના ન થાય તેમ ) એકજ યાત્રા કરવી. મ્હોટા પર્વ દિવસે બીજી યાત્રા કરવા ખાસ ઇચ્છા થાય તો તે બહુ સ્થિરતા સાથે જયણા પૂર્વક વિધિ યુક્ત કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩. કેટલાક અણસમજુ ભાઈઓ દેરાસર કે દેરી વિગેરેની ભીંતો ઉપર પેનસીલ કે કોયલા વતી પોતાનાં નામ લખી કે ગમે તેવાં ચિત્ર કાઢીને ભીંતોને કાળી કરી આશાતના કરે છે તેમ સમજુ માણસોએ જાતે નહીં કરતાં કરનારને સમજાવા, વારંવાર પ્રયત્ન કરવો.

૧૪. કેટલાક યાત્રાળુઓ બહુ અંધારામાં યાત્રાર્થે જાય છે, તેમ નહીં જતાં સારી રીતે અજવાસ થયા બાદ જયણા સહિત પગે ચાલી યાત્રા કરવી યુકત છે.

૧૫. કેટલાક યાત્રાળુઓ ખાસ કારણ વગર ડોળી કરી યાત્રાઓ કરે છે તેમના નિમત્તે ડોળીવાળા ઉપર કેટલી જાતની આશાતના કરે છે તે સંબંધી વિચાર કરી સમજુ માણસોએ તેવી અવધિ આશાતના તજીનેજ બનતાં સુધી યાત્રાનો લાભ લેવો જોઇએ.

૧૬. યાત્રાર્થે આવેલા ભાઇ બ્હેનોએ પ્રભુપૂજા, ગુરૂવંદન, સત્વાનુકંપા, શુભપાત્રદાન, ગુણાનુરાગ અને શાસ્ત્ર શ્રવણ રૂપ પોતાનાં નિત્યકૃત્ય વિસારી નહિં દેતાં તે નિયમસર સેવવાં જોઇએ.

૧૭. અત્ર સદા સાધર્મિક જનોની બની શકે તેટલી સેવા ભકિત વડે આરાધના કરવી. પરંતુ તેની કોઇ રીતે વિરાધના તો કરવીજ નહિં.

૧૮. તીર્થભકિત માટે જેટલું તન, મન, ધનથી કરાય તે ઓછુંજ છે, એમ સમજી જે કંઇ યથાશકિત કરવામાં આવે તેનો ગર્વ તો કરવોજ નહિં, પણ પૂર્વ પુરૂષોનું દ્રષ્ટાંત લઇ સ્વલઘુતાજ ભાવવી.

૧૯. અત્ર પ્રાયઃ કોઈપણ જાતના પાપમાં પ્રવૃત્તિ ન થાય તેવી કાળજી રાખવી. કોઈની નબળી સંગતિથી અળગા રહેવું. સર્વ જીવને આત્મા સમાન લેખી દયાની લાગણી વધારવી અને પરિણામની શુદ્ધિ કરવી.

૨૦. કોઈને કર્કશ—કઠોર કે મર્મવચન કહેવું નહિં. મિષ્ટ પ્રિય વચનજ વદવું. ગમે તેવા પ્રસંગમાં પણ અસત્ય અને કટુક વચન નજ કહેવું.

૨૧. આપણી વૃત્તિ દેખી બીજા તેની અનુમોદના કરે અને તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકરણ પણ કરે તેવી શાંત–નિર્મળ–પ્રમાણિક–નિષ્કપટ વૃત્તિ અત્ર વિશેષે રાખવી.

૨૨. કોઈ પ્રકારના દુર્વ્યસનથી અત્ર સદંતર દૂર રહેવાજ પ્રયત્ન કરવો.

૨૩. તીર્થ ભક્તને છાજે તેવીજ રહેણી કહેણી અત્ર રાખી રહેવું.

૨૪. કોઇ રીતે અનીતિ કે અન્યાયને ઉત્તેજન મળે તેમ નહિ કરતાં, ન્યાય નીતિનેજ ઉત્તેજન મળે તેમ જાતે કરવું, અને બીજા પાસે કરાવવું.

૨૫.આવા ઉત્તમ તીર્થે આવવાનો શો હેતુ છે? તે પાર પડે છે કે નહિં? તેમાં કસુર થતી હોય તો તેને સુધારી લેવાની કાયમ કાળજી રાખી પોતામાં જોતાં રહેવું.

૨૬. તીર્થંકર ભગવાન સમાન પવિત્ર આ તીર્થરાજની સેવા ભકિતનો લાભ આપણને અનેકવાર મળે તેવી ચીવટ રાખી પ્રસંગ પામી તે લાભ લેવા પ્રમાદ ન કરવો. ઇતિશમ્.

## શ્રી સિદ્ધગિરિના આશ્રયથી ઉદ્ધાર પામેલા

# કંડૂરાજા.

પૂર્વે કંડૂ નામે ચંદ્રપુરીનો રાજા હતો. તે અનેક ખોટાં વ્યસનોમાં ગ્રસ્ત મહાપાપી અને યમ જેવો ક્રૂર હતો. અનેક અન્યાયાચરણથી પ્રજાને પીડતાં તેને ક્ષય રોગ ઉત્પન્ન થયો તેથી તેનો દેહ ક્ષીણ થવા માંડયો એટલે તેને મિત્રની જેમ ધર્મનું સ્મરણ થયું. મૂઢ બુદ્ધિવાળા જીવો જ્યાં સુધી સર્વ રીતે સુખી હોય છે ત્યાંસુધી ધર્મને કિંચિત્ માત્ર સંભારતા પણ નથી. પરંતુ જ્યારે મૃત્યુનો ભય લાગે છે ત્યારેજ તેઓ ધર્મને યાદ કરે છે.

એકદા તે કંડૂરાજા પોતે કરેલાં અન્યાયાચરણને સંભારતો ખિન્ન ચિત્તે સભામાં બેઠો હતો એવામાં કલ્પવૃક્ષના પત્ર ઉપર લખેલો એક દિવ્ય શ્લોક કોઇએ આકાશમાંથી મૂકેલો તેની પાસે આવી પડયો. તે શ્લોક તેના પુન્યશાળી પૂર્વજોના પુન્યથી વશ થયેલી તેની ગોત્રદેવી અંબિકાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને જાગ્રત કરવા નાંખેલો હતો. તેનો ભાવાર્થ એ હતો કે " પૂર્વ ભવમાં કરેલાં સુકૃતથી સઘળી સંપત્તિને પામ્યા છતાં જે મૂઢાત્મા આ ભવમાં ધર્મનેજ વિસારી દેછે તે સ્વ સ્વામીદ્રોહ કરનાર મહાપાત્તકીનું શ્રેય શી રીતે થઇ શકે ?" ઉક્ત શ્લોકનો ભાવાર્થ મનમાં વિચારી પોતે કરેલાં અનેક અન્યાયાચરણને સંભારી બહુ ખેદ પામતો ચિંતાતુર થયેલો તે રાજા રાત્રીના વખતે એકલો રાજ્ય છોડી મરવાને માટે નિશ્ચય કરી ચાલી નીકળ્યો. જેવો તે નગર બહાર નીકળ્યો કે તરતજ એક સુંદર ગાય તેના જોવામાં આવી. તે ગાય રાજાની સામે ધસી આવી તેને પ્રહાર કરવા લાગી. તે જોઇ રાજાએ પણ રીસથી ખડ્ગ ઉગામીને તે ગાયના બે ટુકડા કરી નાંખ્યા. તેમાંથી એક હાથમાં કાતી નચાવતી ભયંકર સ્ત્રી નીકળી. તે સ્ત્રીએ આક્રોશ કરી તેને યુદ્ધ કરવા કહ્યું. જેથી તે સ્ત્રીનાં ગર્વયુક્ત વચન સાંભળી જેવો તેની સામે ખડ્ગ ઉગામવા જાય છે તેવામાં તે સ્ત્રીની કાતી વડે પોતાને વીંધાઇ ગયેલો અને રૂધિર ઝરતો જોઇ કંડુરાજા બહુજ ખેદ પામ્યો, એટલે તે સ્ત્રીએ તેને પુનઃ યુદ્ધ કરવા જણાવ્યું, તેથી તે શોક સાગરમાં ડૂબી ગયો છતો વિચારવા લાગ્યો કે— અહો દૈવ !જ્યારે વિપરીત થયું ત્યારે હું એક સ્ત્રીથી પણ પરાભવ પામ્યો. અહો ! હું મરવા માટેજ નીકળ્યો હતો તે ભૂલી જઇ મેં ગૌહત્યાનું મહાપાપ કર્યું! હવે મારી શી ગતિ થશે! હવે આપત્તિમાં આવી પડેલો હું શું કરૂં! અથવા "દવ બળે ત્યારે કૂવો ખોદવો શા કામનો?"

આવી રીતે તે શોક ગ્રસ્ત બની વિચાર કરતો હતો તેવામાં તેને તે સુંદર યુવતી, જે અંબિકા હતી, તેણે કહ્યું કે હે મૂઢ! હજી તારા ચિત્તમાં ધર્મ બુદ્ધિ પ્રગટી નથી. ફક્ત તું દુઃખાવિષ્ટ થવાથી હવણાં તેને સંભારે છે. જોકે મદાંધપણે તેં અનેક કુકૃત્યો કર્યાં છે, તોપણ હવે તું ધર્મનો આશ્રય લે. કારણ કે તેના જેવો કોઈ ઉપગારી નથી. છેવટે પણ જે તેનો આશ્રય લે છે તેને તે તારે છે. હું અંબિકા નામે તારી ગોત્રદેવી છું. તારી પરીક્ષા કરવા માટે મેં આ બધી પ્રવૃત્તિ કરી છે. હજુ તારામાં ધર્મની યોગ્યતા નથી, તેથી તું દેશાટન અને તીર્થાટન કર. ક્ષમા યુક્ત સર્વ દુઃખ સહન કર. પછી જ્યારે તારામાં યોગ્યતા જોઇશ ત્યારે ફરી પ્રગટ થઇ તને ઉચિત માર્ગ જરૂર બતાવીશ. એમ કહી દેવી અંતર્ધાન થઇ ગઇ. કંડુરાજા વિચારે છે કે હજુ મારૂં ભાગ્ય જાગતું છે કે મારી ગોત્રદેવીએ હિત બુદ્ધિથી મને દર્શન દીધું. હવે હું પ્રમાદ રહિત એવો ઉદ્યમ કરૂં જેથી થોડાજ વખતમાં ધર્મને યોગ્ય થઇ આત્મહિત સાધી શકું. એમ વિચારી પ્રભાતે તે ત્યાંથી કોઇ દિશા તરફ ચાલી નીકળ્યો. પ્રસન્ન ચિત્ત થવાથી તે દુઃખ ભૂલી ગયો. પછી તે કોઇક ગિરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર આવી રાત્રી વાસ રહ્યો, પાછલે પ્રહરે કોઈક વૈરી યક્ષે પ્રગટ થઈ ક્રોધ યુક્ત વચનથી કહ્યું કે હે દુષ્ટ! તેં પૂર્વે મને મારી, મારી સ્ત્રીનું હરણ કર્યું છે, તે તને સાંભરે છે? હવે તારૂં મરણ નજદીક આવ્યું છે. માટે તારા ઇષ્ટનું સ્મરણ કર. એમ કહી તેણે તેની બહુ પેરે કદર્થના કરી. છેવટે તેને કોઇ એક ગુફામાં જીવતો મુકીને યક્ષ અંતર્ધાન થઇ ગયો. આવે વખતે તે રાજા પોતે પૂર્વે કરેલાં અન્યાયાચરણને સંભારી સંભારી મનમાં ચિંતવે છે કે આ દુઃખ તે શું માત્ર છે? શું જાણું તેનાં કેવાં કટુક ફળ ભોગવવાં પડશે ?

એવી રીતે પોતાનાં દુષ્કૃત્યોની નિંદા કરતો તે પાપના ક્ષય માટે અહીં તહીં ભમવા લાગ્યો. એવામાં તેની ગોત્રદેવી અંબિકા પ્રગટ થઇ બોલી કે હે વત્સ! હવે જ્યાં ત્યાં ફરવાની તને જરૂર નથી. ફક્ત **શત્રુંજયગિરિનુંજ** તું સેવન કર. તેં પૂર્વે એવાં દુષ્કૃત્યો કર્યાં છે કે તે ગિરિરાજના સેવન કરવાથી પાપનો ક્ષય થઇ શકશે. તે વગર તેનો ક્ષય થઇ શકશે નહિ. એવી રીતે ગોત્રદેવીએ કહેલાં હિતકારી વચનો સાંભળી અને તેનાંજ મુખે તે ગિરિરાજનો પ્રૌઢ મહિમા શ્રવણ કરી અતિ ઉત્સાહ પૂર્વક તે તીર્થરાજ તરફ ચાલી નીકળ્યો, અને તેનાં દર્શન થાય ત્યાંસુધી તેણે ખાનપાનનો ત્યાગ કર્યો. અનુક્રમે ગિરિરાજનાં અને એક શાંત મુનિનાં તેને દર્શન થયાં. મુનિના સદુપદેશથી તેણે તેમની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર અંગીકાર કરી અનુક્રમે શ્રી તીર્થરાજને શુદ્ધ ભાવથી ભેટી, તીર્થાધિપતિ શ્રી આદીનાથનાં વારંવાર અનિમેષપણે દર્શન કરી તે મહાદુષ્કર તપ કરવા લાગ્યો. તેથી તેનાં સકળ કર્મ ક્ષીણ થઇ ગયાં અને શુદ્ધ ધ્યાન યોગે તે શિવરમણીનો ભોકતા થયો. એવી રીતે એક નિષ્ઠાથી જે ભવ્યજનો શ્રી **શત્રુંજય** તીર્થનું તેમજ શ્રી આદીશ્વર પ્રભુનું સેવન કરશે, તે પણ કંડૂ નરપતિની પેરે સર્વ દુઃખનો અંત કરી અનુક્રમે પરમ પદ પામશે. **જિતારી** રાજા પણ એ તીર્થાધિરાજના સેવનથી સર્વ રીતે સુખી થયો. **શાંતનું રાજા** પણ પોતાના પુત્રો સહિત શત્રુંજય તીર્થ તથા શ્રી શત્રુંજયી નદીનું સેવન કરી પોતાનાં દુઃખનો અંત કરી સુખ સમૃદ્ધિ પામ્યો. પૂર્વ કર્મના યોગથી કોઢ રોગાવિષ્ટ થયેલો **મહીપાલ** કુમાર ફકત સૂર્યકુંડના જળના સ્પર્શ માત્રથી રોગ મુકત થઇ કાંચન જેવી કાયાવાળો થયો. એવી રીતે **તીર્થપતિનાં** સેવનથી કઇંક જીવોનાં કલ્યાણ થયાં છે, થાય છે, અને ભાવિકાળે પણ થાશે.

---

**જોકે એ ગિરિરાજ ઉપર કાળની અનંતતાથી અનંત જીવો સિદ્ધિપદ પામ્યા છે, તોપણ વર્તમાન ચોવીશી વિગેરેમાં સિદ્ધપદ વરેલા જીવોની અત્ર ટુંક નોંધ આપવામાં આવે છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| કોણ | કેટલી સંખ્યા |
|---|---|
| શ્રી રિષભદેવ પ્રભુના વંશજરાજાઓ | અસંખ્યાતા |
| શ્રી પુંડરીક ગણધર ( રિષભદેવ સ્વામીના પ્રથમ ગણધર ) | પાંચ ક્રોડ સાથે |
| દ્રાવિડ વારિખિલ્લ ( રિષભદેવ પ્રભુના પૌત્રો ) | દશ ક્રોડ સાથે |
| આદિત્યશા ( આદિનાથના પૌત્રો ) | એક લાખ સાથે |
| સોમ યશા ( આદિનાથના પૌત્ર ) | તેર ક્રોડ સાથે |
| બાહુબલિના પુત્ર | એક હજારને આઠ |
| નમિ વિદ્યાધરની પુત્રી ચર્ચા પ્રમુખ | ચોસઠ |
| નમિ વિનમિ વિદ્યાધરો | બે ક્રોડસાથે |
| સાગરમુનિ | એક ક્રોડસાથે |
| ભરતમુનિ | પાંચ ક્રોડ સાથે |
| અજિતસેન | સત્તર ક્રોડ સાથે |
| અજિતનાથ પ્રભુના સાધુઓ | દશ હજાર |
| શ્રી સાર મુનિ | એક ક્રોડ સાથે |
| શ્રી શાંતિનાથ પ્રભુસાથે ચતુર્માસ રહેલા | ૧૫૨૫૫૭૭૭ મુનિઓ |
| રામ ભરત ( દશરથ પુત્રો ) | ત્રણ ક્રોડ સાથે |
| પાંચ પાંડવો | વીશ ક્રોડ મુનિઓ સાથે |
| વસુદેવની સ્ત્રીઓ | પાંત્રીશ હજાર |
| વૈદર્ભી | ચુમાળીશસે ( ૪૪૦૦ સાથે ) |
| નારદ રિષિ | એકાણું લાખ (સાથે) |
| શાંબ પ્રદ્યુમ્ન | સાડીઆઠ ક્રોડ સાથે |
| દમિતારિ મુનિ | ચૌદહજાર સાથે |
| થાવચ્ચા પુત્ર | એક હજાર સાથે |
| શુક પ્રરિવ્રાજક ( શુક્રાચાર્ય ) | એક હજાર સાથે |
| સેલગાચાર્ય | પાંચસે સાધુ સાથે |
| સુભદ્રમુનિ | સાતસો સાધુ સાથે |
| કાલિક મુનિ | એક હજાર સાથે |
| કદંબ ગણધર ( ગત ચોવિશીમાં ) | એક ક્રોડ સાથે |
| સંપ્રતિ જનના થાવચ્ચાગણધર | એક હજાર સાથે |

આ શિવાય રૂષભસેનજિન પ્રમુખ અસંખ્યાતા, દેવકીજીના છ પુત્રો, જાળી મયાળી ને ઉવયાળી (જાદવ), સુવ્રત શેઠ, મંડકમુનિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુકોસળમુનિ, તેમજ અયમત્તામુનિ વિગેરે સંખ્યા રહિત મહાત્માઓ અત્ર સિદ્ધિ પદ વર્યા છે.

## અત્ર થયેલા મોટા ઉદ્ધારની ટુંક નોંધ.

૧ **ભરતચક્રવર્તીએ** શ્રીનાભ ગણધરની સાથે પધારી કરાવ્યો.
૨ ભરતચક્રવર્તીની આઠમી પાટે થયેલા **દંડવીર્ય** ભૂપાલે કરાવ્યો.
૩ સીમંધર સ્વામીનો ઉપદેશ શ્રવણ કરી **ઈશાનેન્દ્રે** કરાવ્યો.
૪ ચોથા દેવલોકના ઇન્દ્ર **માહેન્દ્રે** કરાવ્યો.
૫ પાંચમા દેવલોકના સ્વામી **બ્રહ્મેન્દ્રે** કરાવ્યો.
૬ ભુવન પતિના ઇન્દ્ર **ચમરેન્દ્રે** કરાવ્યો.
૭ અજિતનાથ સ્વામીના બંધુ **સગર ચક્રવર્તીએ** કરાવ્યો.
૮ અભિનંદન સ્વામીના ઉપદેશથી વ્યંતરેન્દ્રોએ કરાવ્યો.
૯ **ચંદ્રપ્રભુના** શાસનમાં ચંદ્રશેખર મુનિના ઉપદેશથી તેમના પુત્ર **ચંદ્રયશાએ** કરાવ્યો.
૧૦ શ્રી શાંતિનાથજીના પુત્ર **ચક્રાયુધજીએ** દેશના સાંભળીને કરાવ્યો.
૧૧ શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં **રામચંદ્રજીએ** કરાવ્યો.
૧૨ શ્રી નેમિનાથજીના ઉપદેશથી **પાંડવોએ** દેવ સહાયથી કરાવ્યો.
૧૩ **જાવડશા** શેઠે વજ્રસ્વામીની સહાયથી સંવત્ ૧૦૮ માં કરાવ્યો.
૧૪ શ્રી કુમારપાળ રાજાના વખતમાં **બાહડમંત્રીએ** ૧૨૧૩ માં કરાવ્યો.
૧૫ **સમરાશા** ઓશવાળે સંવત્ ૧૩૭૧ માં કરાવ્યો.
૧૬ **કરમાશા** શેઠે સંવત ૧૫૮૩ માં કરાવ્યો.

આ મુખ્ય ઉદ્ધારોનીજ વાત છે. તે શિવાય શત્રુંજય કલ્પમાં કહ્યા મુજબ અસંખ્ય ઉદ્ધાર અસંખ્ય ચૈત્યો અને અસંખ્ય પ્રતિમાઓ અત્ર થએલ છે. એ બધો ગિરિરાજનોજ મહિમા છે.

(અપૂર્ણ)

# વર્તમાન સમાચાર.

## મુનિ વિહારથી થતા લાભો.

પંજાબ જેવા દેશમાં અનેક ઉપકારો કરી શુમારે બે વર્ષ થયા આ દેશમાં પરમ ઉપકારી મુનિરાજ શ્રી વલ્લભવિજયજી સપરિવાર માર્ગમાં અનેક ઉપકારો કરતાં કરતાં સતત્ વિહાર કરી પધાર્યા છે. હાલમાં ઉક્ત મુનિમહારાજ ગુજરાતના ખુણે ખચકે જ્યાં કે મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજાઓનો બહુધા વિહારજ થતો નથી તેવા નહીં સાંભળવામાં આવેલા એવા ગામોમાં ( નર્મદા કાંઠે ) વિહાર કરી વિચરી અનેક મનુષ્યોને ( જૈન અને જૈનેતરને ) પોતાની અમૃતમય દેશનાવડે ઉપકારો કરેલા છે. હાલમાં ઉકત મુનિ મહારાજ નર્મદા કાંઠે કોરલ ગામમાં પધાર્યા હતા.

---

અત્રેના પામર બાળ જીવોના શુભ કર્મોનો ઉદય સદ્ય થવાના ભાવીને લીધે મહાત્મા પરમ જ્ઞાની મુનિ મહારાજશ્રી ૧૦૮ વલ્લભવિજયજી જેમાં આદ્ય છે, એવા શ્રી લાવણ્યવિજયજી, શ્રી સોહનવિજયજી, શ્રી વિમલવિજયજી, શ્રી વિજ્ઞાનવિજયજી, શ્રી વિબુધવિજયજી, શ્રી વિદ્યાવિજયજી, શ્રી વિચારવિજયજી, શ્રી વિચક્ષણ વિજયજી, શ્રી મિત્રવિજયજી, શ્રી સમુદ્રવિજયજી મુનિમંડળ તથા સંસ્કૃત પંડિતજી હંસરાજજી સહીત સં. ૧૯૬૮ પોસ સુદી ૧૦ શનીવારના શુભ અવસરે પાછીઆપુર ગામથી અત્રે પધારનાર હોવાથી અહીંની સમસ્ત શ્રાવક મંડળી તેમ ઈતર બ્રાહ્મણ આદી લોક સમુહ સામૈયા સાથે વાજીંત્ર વગેરે પુષ્કળ માનનીય ઠાઠથી હર્ષ સહીત સામા ગયા હતા. સર્વ મંડળી સમીપ જઇ પૂર્ણ પ્રેમથી નમસ્કાર કરી ગગન ભેદી ફરી જયઘોષ કર્યો. આવી રીતે ગામની નજીક સામૈયું આવ્યું એટલે અન્ય ભાવિકોના ટોળાએ પૂર્વવત્ જયઘોષસહ નમસ્કાર કર્યો. પેસતાં દરવાજો કરી, ઝાંપે સુશોભિત કમાન, વાવટાકાઠી, નિશાન, ભાલા, પતાકા લગાવી આગમનનો આનંદ પ્રદર્શિત કર્યો હતો. આ સૌંદર્ય પૂર્ણતામાં નિશ્ચલતા મહારાજશ્રીના કોમલ પાપમોચન ચરણ પંકજથી થતી હતી ને સંસારીઓની ભ્રષ્ટ મનોવૃત્તિ અનાચાર તથા ઘરની મલિનતા દૂર દૂર સૂર્ય તિમિરના વિરોધની પેઠે નાસતી હતી. અને હંમેશને માટે નષ્ટ થઇ એમ કહીએ તોપણ અતિશયોકિત નહિ ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અઠાઇ મહોત્સવ.

શુભ આંદોલને શુભ પ્રેરણા કરીને અશુભ કર્મનો ક્ષય થવાનો વખત શ્રી ૧૦૮ વલ્લભવિજયજીના ઉપદેશથી થયો. ને જૈન મંડળીએ પોસ સુદી ૧૧ રવીવારે શ્રી પૂજ્યપાદના આગમન નિમિતે ખુશાલી સારૂ અઠાઇ મહોત્સવ શરૂ કર્યો. અને બહાર ગામ આમંત્રણ પત્રિકાઓ લખી મોકલી અને તેને યોગ્ય અમૂલ્ય વસ્તુઓ પૈસાનો વ્યય કરી દેવશ્રીની ભકિત સારૂ મંગાવી. દેરાસરને દરવાજે મંડપ કરી સુશોભીત ત્રણ સુંદર કમાનો ચોઢી. તેની સામે તેવોજ ત્રણ કમાનવાળો સુશોભીત મંડપ ટકોરખાના સારૂ કર્યો. બહાર ચોગાનમાં વાવટા તોરણનું આચ્છાદન ઉંચે કરવામાં આવ્યું. આથી શોભામાં કંઇ ઓરજ વધારો થયો હતો.

વ્યાખ્યાન સારૂ કિંમતી ચંદરવા બાંધી દહેરાસરમાં ઉતરાભીમુખ મંડપ એક વિશાળ બાઝટના આસનવાળો કર્યો હતો. જેમાં શ્રી ૧૦૮ વલ્લભવિજયજી પોતે સહર્ષથી દરરોજ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ જીવોને પથ્ય જ્ઞાનામૃત ભોજન ( વ્યાખ્યાન ) આપતા હતા. રસિકતા એટલી બધી હતી કે બાળક સરખું એકાગ્રતા ચુકતું નહિ. આ લાભ લેવા જૈન ઉપરાંત અન્ય ધર્મના જીજ્ઞાસુઓ આવતા. તેમની શંકાનું સમાધાન સર્વ દેશીય થતું. આનું ફળ એટલું ઉત્તમ આવ્યું છે કે મુસલમાન જેવા પણ અહિંસાનું વ્રત લેવા નિશ્ચય ઉપર આવ્યા છે.

બહાર ગામથી આવનારાઓ સારૂ શ્રી સંઘ તરફથી રસોડું ખુલ્લું હતું, એ અહીંના સંઘની ધર્મ ઉપરની વધુ ભાવના છે એમ સિદ્ધ કરી બતાવે છે. આ મહોત્સવમાં ભાગ લેવા સારૂ ભાવિક જૈન બંધુઓ વડોદરા, સુરત, ભરૂચ, અમદાવાદ, ખંભાત, ડભોઇ, મીયાગામ, શિનોર, અંકલેશ્વર, સરાર, ગંધારા, સણીઆદ, સીમરી, જોધપુર, હોજ, નીકોરા, ઝણોર, અંગારેસર, તડકેશ્વર, પાછીઆપુર, પાંજરોલી, પાટડી, સીસોદરા, તલસારી, ઝગડીઆ, સાયરમાકંડ, પાલેજ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એથી, લીલોડ, રાઓદ, રગડોળ, સામરા, ફતેહપુર, અણખી વગેરે પાંત્રીશ ગામના આશરે પાંચસો માણસ બહાર ગામથી પધારી કોરલને ઉપકારી કર્યું હતું.

### શ્રી જીનેશ્વર ભગવાનની પૂજા અરચાની વિગત.

સુદ ૧૦—શની, પ્રભાવના શ્રી સંઘ તરફથી થઇ હતી.

સુદ ૧૧—રવી, આજથી અઠાઇ મહોત્સવ હતો. શ્રી ભગવાનની અષ્ટ પ્રકારી પૂજા.

સુદ ૧૨—સોમ, પીસ્તાલીસ આગમની પૂજા.

સુદ ૧૩—મંગળ પંચ કલ્યાણી પૂજા.

સુદ ૧૪—બુધ, એકવીસ પ્રકારી પૂજા.

સુદ ૧૫—ગુરૂ, નવાણું પ્રકારી પૂજા.

વદ ૧—શુક્ર, ઋષિમંડળની પૂજા.

વદ ૨—શની, અષ્ટ પ્રકારી પૂજા હતી.

તેમજ આજે સાધ્વી મહારાજશ્રી દેવશ્રી તેમ હેમશ્રી એ બન્ને પધાર્યાં. તેમના સતકાર સારૂ ઘટીત વ્યવસ્થા થઇ હતી. તેમજ આજે વરઘોડાનું મુહૂર્ત હતું અને તે બે વાગે ચડાવવામાં આવ્યો હતો. વખત થતાં માણસની બહુ ગીરદી થઈ હતી. ગામ પરગામના લોકોએ આજનો દીવસ તહેવાર તરીકે પાળ્યો હતો. વરઘોડાની શોભા સારૂ ચાંદીનો રથ, ચાંદીની અંબાડી, બે હાથી, ચાંદીના સાજવાળો ઘોડો ને સોનાની છડીઓ, વિગેરે નાંદોદ,વડોદરા, ભરૂચ વગેરેથી મંગાવી રાખ્યું હતું.જૈન બંધુઓ ખુશી સાથે આભાર દર્શાવે છે કે નામદાર નાંદોદના મહારાજા સાહેબે તેમ ભરૂચ, ડભોઇના સંઘે વિના ભાડે કીંમતી ચીજો આપી છે એ ઉપરથી અમારા પ્રત્યે તેઓશ્રીની શુભ લાગણી જણાય છે. સાથે વડોદરાના સંઘે રથ આપી અનુકૂળતા કરી આપી છે, એ પણ તેઓશ્રીની સગવડતા કરી આપવાની લાગણી જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રથ ઉપર શ્રી ૧૦૮ જીનેશ્વર ભગવાનને તેમ જરીપટકા, નિશાન, અંબાડીથી સજી હાથી ઉપર શ્રી પ્રત્યક્ષજ્ઞાન રૂપ શ્રી કલ્પસૂત્રને પધરાવવામાં આવ્યા હતા. વરઘોડામાં શ્રી મુનિ મહાસભ્ય, શ્રી સંઘ, પ્રતિષ્ઠિત ને અપ્રતિષ્ઠિત બાલક, યુવાન, વૃદ્ધ, સ્રી, પુરૂષોનો જમાવ થયો. સર્વે એકે અવાજે ઉચરતાં હતાં કે આવી અપૂર્વ શોભા અગાઉ કોઈ વખત બન્યાનું સાંભળ્યું નથી. તેમ પૂર્વના પુન્યનો ઉદય થવાનું જ્ઞાન દ્રષ્ટિનું આ ચિન્હ જણાતું હતું. વરઘોડામાં આશરે પાંચ હજાર માણુસ ભેગું થયેલું જણાતું હતું. ઉગમણી ભાગોળે વરઘોડો જઈ ત્યાં બેઠક કરી સ્નાત્રપુજા ભણાવી.

સ્વારી પાછી ફરી ચાર કલાકે સ્થાનકે આવી, વરઘોડો સાત વાગે વિસરર્જન થયો હતો.

વદ ૩ રવીવાર—વીસ સ્થાનક પૂજા ભણાવી હતી.

વદ ૪ સોમ—નવાણું પ્રકારની પૂજા, નવાણું અભિષેકમાં પ્રત્યેક અભિષેકમાં અકેક રૂપીઓ મુકી ભણાવવામાં આવી હતી.

શ્રી ૧૦૮ વલ્લભવિજયજી મહારાજને અત્રેના જૈન ભાઈઓએ શુભ ઉદ્દેશથી પોતાને ઘેર પધરાવી પગલાં કરાવી જ્ઞાન પૂજા કરી વાસક્ષેપ લીધો. યથાશકિત અભક્ષ ત્યાગ, બ્રહ્મચર્ય, ભકિત ઉપાસના વિગેરેના નિયમ લીધા, એ ઘણું ઉત્તમ કાર્ય થયું છે.

ધર્મનું જ્ઞાન મળવા સારૂ બાળકોને ભણાવવા સારૂ પણ યોગ્ય વ્યવસ્થા થઇ છે.

આસરે આ મહોત્સવમાં શ્રી દેરાસર ખાતે રૂ. ૨૦૦૦)નું ઉત્પન્ન થયું છે તેમાં મોટો ભાગ કોરલના શ્રી. જૈન ભાઇઓનોજ છે. આથીજ તેમનો ધર્મનો ઉત્સાહ જણાઇ આવે છે. ને તેઓ ધન્યવાદને પાત્ર છે. હાલમાં અત્રે શ્રી ૧૦૮ મહારાજશ્રી સ્થિત છે. અલ્પ સમયમાં મહાત્માશ્રીના સમાગમમાં આટલું ફલ છે તો પછી વધુ સમાગમનું તો પૂછવુંજ શું ?

For Private And Personal Use Only

પરમ ઉપકારી વિદ્વદ્રત્ન મુનિમહારાજ વલ્લભવિજયજી મહારાજ અનેક ઉપકારો કરી પરિવાર સહિત ત્યાંથી વિહાર કરી લીલોડ ગામમાં ત્રણ દિવસ બીરાજમાન થયા. ત્યાં જૈનોના ઘર ત્રણ છે પરંતુ અન્ય ધર્મી લુહાર–સુતાર સોની વિગેરે લોકોએ ઉકત મુનિરાજનો ઉપદેશ સાંભળી અનેક આરંભ સમારંભના નિયમો લીધા હતા. ત્યાંથી વિહાર કરી ઉકત મુનિમહારાજો સામરા ગામમાં પધાર્યા. અત્રે શ્રાવકોના પાંચ ઘરો છે પરંતુ ઘણી વસ્તી મુસલમાનોની છે. ઉકત મુનિરાજનો ઉપદેશ સાંભળી તેઓ પણ ભાવિક થયા હતા. તેઓના આગ્રહથી ઉકત મુનિમહારાજને સવારે અને બપોરે બે વખત વ્યાખ્યાન કરવા પડતા હતા. તત્ર રહેનાર મુખી કાકા ભત્રીજાને ઘણા લાંબા વખતથી વેર ચાલતું હતું જે મહારાજશ્રીની વ્યાખ્યાન વાણીથી લુપ્ત થઇ જતાં આમન સામન મળી ગયા હતા. ત્યાંથી મુનિરાજ શ્રી વિહાર કરી સજીવાદ ગામમાં પધાર્યા હતા. ત્યાં શ્રાવકોનાં બે ઘર છે પરંતુ કબીરપંથી, સ્વામીનારાયણ અને બ્રાહ્મણોનો પ્રચાર વધારે છે. જયાં તે ઉકત ધર્મીઓનો પ્રેમ મહારાજ ઉપર એટલો બધો થયો કે ત્યાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજને એક દિવસમાં ચાર વખત વ્યાખ્યાન કરવું પડયું હતું. જેમાં એક શ્રાવકે સજોડે ચોથું વ્રત ઉચર્યું હતું. ત્યાંથી વિહાર કરી મેથી ગામમાં પધાર્યા. ત્યાં ત્રણ દિવસ રહ્યા. અત્રે શ્વેતામ્બરી અને સ્થાનકવાસી એમ બે પક્ષમાં વણિકો વહેંચાયેલા છે. તથાપિ તેનો સંપ એવો છે કે બંને વ્યકિતના સાધુઓને માન આપે છે. ત્યાં પણ મુનિરાજશ્રીઓનાં આવાગમનનો ઉત્સાહ અપૂર્વ હતો. તેવીજ રીતે ઉપકાર કરતાં ઉતરાજ–કરમાલ–નડા થઇ ગયા માહા શુદ૩ સોમવારે પરમકૃપાળુ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ સપરિવાર ડભોઇ પધાર્યા છે. ત્યાં ઘણાજ દબદબા સાથે ત્યાંના જૈન બંધુઓએ સામૈયું કરી અપૂર્વ ભકિત કરી છે અને ગામમાં પધાર્યા છે. આ ડભોઇ ગુજરાતનું પ્રાચીન શહેર છે. અહીં શ્રી લોઢન પાર્શ્વનાથજી મહારાજની અલૌકિક પ્રાચીન પ્રતિમા છે. દર્શન–યાત્રા કરવા લાયક છે.

( મળેલું )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સુરત જીલ્લા માટે ખાસ લેવાયેલી "શ્રી જૈન ધાર્મિક પ્રાથમિક પરીક્ષા" ના ઇનામનો મેળાવડો.

વડાચૌટા, સુરત. તા. ૨૪-૧-૧૨.

આજ રોજ શ્રી વડાચૌટાના ઉપાશ્રયમાં વ્યાખ્યાન અવસરે "શ્રી જૈન ધાર્મિક પ્રાથમિક પરીક્ષા" નાં ઇનામનો મેળાવડો કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં શ્રી વડાચૌટા જૈન વિદ્યાશાળાના ઑનરરી સેક્રેટરી મી. મગનલાલ પરશોતમદાસ બદામીએ મજકુર પરીક્ષા ઉદ્ભવવાનું કારણ નીચે પ્રમાણે વાંચી સંભળાવ્યું હતું:—

"હાલમાં કેટલીક મુદત થયાં શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ હસ્તક "શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા" લેવાની શરૂ થઇ છે. પરંતુ તેમાં પહેલા ધોરણનો અભ્યાસક્રમ કે જે પંચપ્રતિક્રમણ અર્થ સહિતનો છે, તે શરૂઆતમાં વિદ્યાર્થીઓને ભારે પડતો જણાવાથી અત્રેના ધાર્મિક કેળવણીના અનુભવી ગૃહસ્થોની સૂચના અનુસાર ફક્ત બે પ્રતિક્રમણ અર્થ સહિત (હેતુ, યુક્તિ, સમજુતી પૂર્વક) નું જ્ઞાન દઢીભૂત થાય એવા ઉદ્દેશથી પ્રથમ તેટલાની પરીક્ષા લેવી પણ જરૂરની છે; અને તે માટે હાલ અજમાયશ તરીકે સુરત જીલ્લાના વિદ્યાર્થીઓ માટે તે પરીક્ષા સુરત મુકામે લેવાનું મુકરર કરવામાં આવ્યું છે."

ચાલુ સાલ માટે રા. રા. શેઠ મોતીચંદ હીરાચંદ સોના ચાંદીવાળા તરફથી રૂા. ૨૫) આપવા ખુશી બતાવ્યાથી તે રકમનાં નીચે પ્રમાણે ચાર ઇનામો ઉપલા નંબરે પાસ થનાર ચાર વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં:—

| | | | |
|---|---|---|---|
| ૧ લું | ઇનામ | રૂા. ૧૦) | ત્રીભોવનદાસ છોટાલાલ. |
| ૨ જું | ,, | રૂા. ૭) | મણીલાલ રસિકદાસ. |
| ૩ જું | ,, | રૂા. ૫) | મોહનલાલ મયાચંદ. |
| ૪ થું | ,, | રૂા. ૩) | નગીનચંદ જગજીવનદાસ. |

પ્રસંગાનુસાર મુનિવર્ય શ્રી પ્રવર્તકજી કાન્તિવિજયજી મહારાજ સાહેબે બહુ અસરકારક રીતે જ્ઞાન પ્રાપ્તિને માટે દૃષ્ટાંતો પૂર્વક ઉપદેશ શ્રોતાઓને આપ્યો હતો:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટે આવતા બે વર્ષના માટે અત્રેના રા. રા. શેઠ ચુનીલાલ છગનચંદ શરાફ તથા શેઠ. મોતીચંદ હીરાચંદ સોના ચાંદીવાળાએ દર સાલ માટે ઈનામના રૂા. ૨૫) આપવા પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. અને ઉક્ત ગૃહસ્થોનું અનુકરણ અન્ય કેળવણી રસિક બંધુઓ કરશે એવી આસા રાખવામાં આવી હતી.

બાદ મેળાવડાનું કામ સમાપ્ત થયું હતું.

સુરત. વડાચૌટા. }
વસંતપંચમી. }

ભાઇલાલ છગનલાલ દલાલ.
હેડ માસ્તર.
શ્રી વડાચૌટા જૈન વિદ્યાશાળા—સુરત.

---

સુરત બંદરથી શ્રીમાન્ મુનિ મહારાજ શ્રી હંસવિજયજી સાહેબ તથા પન્યાસજી શ્રીસંપદ્‌વિજયજી સાહેબાદિ ૮ મુનિઓએ પોષ વદિ ૧ મે વિહાર કર્યો તે વખતે મહારાજશ્રીના દર્શન કરવા વડાચૌટાના ઉપાશ્રયથી જાહેર સડક સુધી બંને બાજુ સેંકડો શ્રાવક શ્રાવીકાનાં ટોળે ટોળાં ઉભાં હતાં અને ચૌટાને જયઘોષથી ગજાવી મુકયું હતું. સેંકડોની સંખ્યા તો ઠેઠ કતાર ગામ સુધી બે ત્રણ દિવસ ચાલુ રહી હતી. દરમીયાન બીજે દિવસે ત્યાં પૂજા તથા ભાવના હતી અને ત્રિજે દિવસે ત્યાંથી કઠોર ગામ તરફ વિહાર કર્યો હતો.

પોષ વદી ૧૦ ના રોજ કઠોર જૈનશાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા શ્રીમાન્ હંસવિજયજી મહારાજ સાહેબે લીધી હતી. તે દિવસે બાળક બાળિકાઓને પ્રભાવના તથા શેઠ મોહનલાલ ઝવેરચંદ તરફથી. રૂ. ૧૨ાા) અંકે પોણાતેર રૂપીઆની કીંમતની ચોપડીઓ વહેંચવામાં આવી હતી. ત્યાંના શ્રાવકો તરફથી બન્ને દેવળોમાં પૂજાઓ પણ ભણાવવામાં આવી હતી. ત્યાંના તમામ વિદ્યાર્થીઓને બીડી પીવાનો ત્યાગ કરાવવામાં આવ્યો હતો.

કઠોર ગામથી વિહાર કરી મહારાજ સાહેબ કરજન થઇ ઓઢાણુ મુકામે વદી ૧૩ ના રોજ પધાર્યા છે. અત્રે શ્રાવકોનાં ઘર આશરે ૫૦) છે અને એક ભવ્ય શિખર બંધ પ્રાચિન જૈન દેરાસર છે.

આ તરફ જૈન લોકો ધાર્મિક બાબતોમાં ઘણાજ પછાત છે માટે સાધુ સાધ્વીઓએ આ તરફ વિચરવું લાભકારક છે.

For Private And Personal Use Only